

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 126
Dt.: 13-03-2026,
Friday
Page:04
Rs.00.50 paisa


## મોતનો બદલો લઈશું, સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ જ રહેશે: ઈરાનના નવા સુપ્રીમ લીડર મોજતબાનો પહેલો સંદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

ઈરાનના નવા સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈએ પોતાનો પહેલો સંદેશ જાહેર કર્યો છે. તેમાં તેમણે કહ્યું કે, "શહીદોના મોતનો બદલો લઈશું." ખામેનેઈએ બાળકોના મોતનો બદલો લેવાની વાત કહી છે. મોજતબા ખામેનીએ કહ્યું કે, કોઈ પણ શહાદતને ભૂલવામાં નહીં આવે. આ દરમિયાન તેમણે બીજી એક મોટી જાહેરાત કરતા કહ્યું કે, સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ રહેશે. અમે અમેરિકાના બેઝ પર હુમલા કરતા રહીશું.

જો કે, આ સમય દરમિયાન ખામેનેઈ કેમેરા સામે જોવા મળ્યા ન હતા. ઈઝરાયલી ગુપ્તચર એજન્સીએ હાલમાં જ દાવો કર્યો હતો કે, યુદ્ધના શરૂઆતમાં ગોળીબાર દરમિયાન તેઓ ઘાયલ થયા હોઈ શકે છે.

મોજતબા ખામેનેઈએ પોતાના સંદેશની શરૂઆત અલ્લાહના નામથી કરતા કહ્યું કે, ઈરાન ન્યાય અને શાંતિના માર્ગે ચાલવાનું ચાલુ રાખશે, પરંતુ તેમના દુશ્મનોની સામે જવાબી કાર્યવાહી કરવાથી પીછેહઠ નહીં કરે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કર્યુ કે, સ્ટ્રેટ ઓફ હોર્મુઝને બંધ રાખવામાં આવે. કારણ કે આ તે જ દરિયાઈ માર્ગ છે જેના દ્વારા દુનિયાનો લગભગ ૨૦ ટકા ક્રૂડ ઓઈલ પુરવઠો પસાર થાય છે, આ નિવેદનને વૈશ્વિક ઊર્જા બજાર માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

પોતાના સંદેશમાં મોજતબા ખામેનેઈએ કહ્યું કે, અમેરિકા અને ઈઝરાયલના હુમલામાં માર્યા ગયેલા લોકોનો બદલો લેવાની જવાબદારી ઈરાનની છે. તેમણે કહ્યું કે, "અમે અમારા શહીદોનું લોહી વ્યર્થ નહીં જવા દઈએ, ખાસ કરીને મીનાબમાં શહીદ થયેલા લોકો અને બાળકોની શહાદતનો બદલો જરૂર લેવામાં આવશે."

તેમણે એમ પણ કહ્યું કે, ઈરાન તેના પડોશી દેશો (ખાડી દેશો) સાથે મૈત્રીપૂર્ણ સંબંધોમાં વિશ્વાસ કરે છે, પરંતુ જે આર્મી બેઝ (ખાડી દેશોમાં અમેરિકાના બેઝ) ઈરાન વિરુદ્ધ ઉપયોગ થઈ રહ્યા છે, તેને નિશાન બનાવવાનું ચાલુ રાખશે. નવા સુપ્રીમ લીડરે મિડલ ઈસ્ટમાં સ્થિત અમેરિકાના આર્મી બેઝ પર પણ નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે, આ ક્ષેત્રમાં હાજર અમેરિકાના લશ્કરી ઠેકાણાઓ બંધ કરવા જ જોઈએ. તેમણે ચેતવણી આપી કે, જો જરૂર પડશે, તો ઈરાન તેની અન્ય લશ્કરી અને પ્રાદેશિક ક્ષમતાઓને પણ એકત્ર કરશે. તેમના સંદેશમાં તેમણે ઈરાની સેના અને સુરક્ષા દળોનો આભાર માન્યો અને કહ્યું કે, દેશની રક્ષા માટેના તેમના પ્રયાસો પ્રશંસનીય છે.

વધુમાં તેમણે ઈરાનના લોકોને અપીલ કરી કે, તેઓ દેશભરમાં આયોજિત રેલીઓમાં રેકોર્ડ સંખ્યામાં ભાગ અને બતાવો કે બાહ્ય દબાણનો સામનો કરવા માટે દેશ એકજૂટ છે.

પોતાના સંબોધનના સમાપન કરતાં મોજતબા ખામેનેઈએ કહ્યું કે, હાલના સંઘર્ષમાં ઈરાને તેના દુશ્મનોને હરાવવા જ જોઈએ. તેમણે કહ્યું કે, આ લડાઈ ફક્ત લશ્કરી નથી, પરંતુ રાષ્ટ્રીય સન્માન અને સુરક્ષા માટેની લડાઈ છે.

ઉલ્લેખનીય છે કે, મોજતબા ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર સૈયદ આયાતુલ્લાહ અલી ખામેનેઈના પુત્ર છે, જેમને નવા સુપ્રીમ લીડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જો કે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈચ્છતા ન હતા કે મોજતબા ખામેનેઈને ઈરાનના આગામી સુપ્રીમ લીડર બનાવવામાં આવે.

### LPG સંકટ વચ્ચે મોદીની મંત્રીઓને ટકોર

## અફવા ફેલાવનારા પર નજર રાખો, મોદીની મંત્રીઓને ટકોર



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વૈશ્વિક સ્તરે વધી રહેલા ઈંધણના ભાવ અને સપ્લાય ચેઈનમાં વિક્ષેપની અસરો વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેબિનેટ બેઠકમાં મંત્રીઓને મહત્ત્વની સૂચના આપી છે. વડાપ્રધાને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, LPGના પુરવઠા અંગે જનતામાં ભય કે ગભરાટ પેદા કરનારા તત્ત્વો પર કડક નજર રાખવામાં આવે.

વડાપ્રધાન મોદીએ મંત્રીઓને સલાહ આપી કે, સોશિયલ મીડિયા પર વિપક્ષ દ્વારા કરવામાં આવતા કથિત પ્રોપેગેન્ડાનો પૂરા આત્મવિશ્વાસ સાથે જવાબ આપવો જોઈએ. કેટલાક તત્ત્વો વર્તમાન પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવીને સામાન્ય જનતામાં ડર પેદા કરવા માગે છે. આવી કોઈપણ ગતિવિધિ જે પરિસ્થિતિને ગંભીર બનાવવાનો પ્રયાસ કરતી હોય તેની પર બારીકાઈથી નજર રાખવી જરૂરી છે. વડાપ્રધાનના અનુસાર ઈંધણની સમસ્યા માત્ર ભારત પૂરતી મર્યાદિત નથી, પરંતુ વર્તમાન ભૌગોલિક-રાજકીય સ્થિતિને કારણે આખી દુનિયા અત્યારે આવી જ મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. પીએમ મોદીએ ખાતરી આપી છે કે, ભારતની તૈયારીઓ અત્યંત મજબૂત છે. સરકાર પાસે પુરવઠાની સાંકળ જાળવી રાખવા માટે પૂરતા સંસાધનો ઉપલબ્ધ છે. મંત્રીઓને સૂચના આપવામાં આવી કે, તેઓ સરકારની મજબૂત તૈયારીઓ વિશે જનતાને આક્રમક રીતે અને સચોટ માહિતી આપીને વાકેફ કરે, જેથી લોકોમાં વિશ્વાસ કાયમ રહે. વડાપ્રધાને કેબિનેટ બેઠકમાં ભારપૂર્વક જણાવ્યું કે, સરકાર કોઈપણ અવરોધને સંભાળવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. મંત્રીઓએ ગભરાટ ફેલાવતા અહેવાલો પર મોનિટરિંગ કરવું જોઈએ અને સાચી માહિતી શેર કરવી જોઈએ, કારણ કે માત્ર સાચી જાણકારી દ્વારા જ અફવાઓને રોકી શકાય છે.

### OBC અનામત મુદ્દે સુપ્રીમ કોર્ટનું નિવેદન

## ફક્ત આવકના આધારે ક્રીમિ લેયર નક્કી ના કરી શકાય

### કોર્ટનું માનવું છે કે આવકની સાથે-સાથે વ્યક્તિના સામાજિક અને વ્યાવસાયિક પદને પણ ધ્યાનમાં રાખવું અનિવાર્ય છે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે આજે OBC અનામત અંગે મોટો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે એ સ્પષ્ટ કર્યું છે કે, કોઈ ઉમેદવારનો ક્રીમિ લેયર દરજ્જો ફક્ત તેમના પરિવારની આવકના આધારે નક્કી ન કરી શકાય. કેસની સુનાવણી કરતા બેન્ચે કહ્યું કે, પોસ્ટની શ્રેણીઓ અને સ્ટેટસના માપદંડોનો સંદર્ભ લીધા વિના, ફક્ત આવકના આધારે ક્રીમિ લેયર દરજ્જો નક્કી કરવો કાયદાકીય દ્રષ્ટિએ યોગ્ય નથી. કોર્ટનું માનવું છે કે આવકની સાથે-સાથે વ્યક્તિના સામાજિક અને વ્યાવસાયિક પદને પણ ધ્યાનમાં રાખવું અનિવાર્ય છે.

ક્રીમિ લેયર શબ્દનો પ્રયોગ OBC સમુદાયના એવા લોકો માટે કરાય છે, જે આર્થિક અને સામાજિક રીતે ખૂબ સમૃદ્ધ બની ચૂક્યા છે. અનામતનો લાભ આ વર્ગને ન મળીને સમુદાયના એ ગરીબ અને પછાત લોકો સુધી પહોંચે, જેની તેને ખરેખર જરૂર છે. આ વિચારની શરૂઆત ૧૯૯૨ના પ્રખ્યાત ઈન્દ્રા સાહની vs ભારત સરકાર મામલા બાદ થઈ હતી. ત્યારે સુપ્રીમ કોર્ટે OBC રિઝર્વેશનને યથાવત રાખ્યુ હતું પરંતુ સમૃદ્ધ લોકોને આમાંથી બાકાત રાખવાનો આદેશ આપ્યો હતો. ત્યારબાદ ૧૯૯૩માં સરકારે તેને લાગુ કરવાના નિયમો બનાવ્યા હતા.

વર્તમાન નિયમો પ્રમાણે જ કોઈ OBC પરિવારની વાર્ષિક આવક ૮ લાખ રૂપિયાથી વધુ છે તો તેને ક્રીમિ લેયર દરજ્જો અપાય છે. આવા ઉમેદવારો સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતના હકદાર નથી. આવકની આ મર્યાદા છેલ્લી વાર ૨૦૧૭માં ૬ લાખ રૂપિયાથી વધારીને ૮ લાખ રૂપિયા કરવામાં આવી હતી.

આવક ઉપરાંત ઉચ્ચ બંધારણીય હોદ્દા પર બેઠેલા વ્યક્તિઓ, વરિષ્ઠ સરકારી અધિકારીઓ, સશસ્ત્ર દળોના વરિષ્ઠ અધિકારીઓ અને મોટા ઉદ્યોગપતિઓના બાળકોને પણ ક્રીમિ લેયરની શ્રેણીમાં મૂકવામાં આવે છે.

## શેર બજારમાં કડાકો યથાવત: સેન્સેક્સ ૮૨૯ અને નિફ્ટી ૨૨૮ પોઈન્ટ તૂટ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ



મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે સ્થાનિક બજારમાં ઘટાડો ચાલુ છે. ગુરુવારે, ભારતીય શેરબજારમાં સતત બીજા દિવસે મોટો ઘટાડો નોંધાયો. BSE સેન્સેક્સ ૮૨૯.૨૯ પોઈન્ટ (૧.૦૮ ટકા) ના મોટા ઘટાડા સાથે ૭૬,૦૩૪.૪૨ પર બંધ થયો. NSE નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ પણ ૨૨૭.૭૦ પોઈન્ટ (૦.૯૫ ટકા) ના મોટા ઘટાડા સાથે ૨૩,૬૩૯.૧૫ પર બંધ થયો. એ નોંધવું જોઈએ કે આજે બજાર ઘટાડા સાથે લાલ રંગમાં ટ્રેડિંગ શરૂ કર્યુ હતું. જોકે, ગુરુવારે, ઉર્જા કંપનીઓના શેરમાં જોરદાર વધારો જોવા મળ્યો.

ગુરુવારે, સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી ફક્ત ચાર કંપનીઓ વધારા સાથે લીલા રંગમાં બંધ થઈ, જ્યારે બાકીની ૨૬ કંપનીઓ ઘટાડા સાથે લાલ રંગમાં બંધ થઈ. તેવી જ રીતે, નિફ્ટી ૫૦ કંપનીઓમાંથી ફક્ત ૧૦ કંપનીઓ વધારા સાથે લીલા રંગમાં બંધ થઈ જ્યારે બાકીની ૪૦ કંપનીઓ નુકસાન સાથે લાલ રંગમાં બંધ થઈ. સેન્સેક્સ કંપનીઓમાં, NTPCનો શેર સૌથી વધુ ૨.૭૫ ટકાના વધારા સાથે બંધ થયો, જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો શેર સૌથી વધુ ૪.૩૨ ટકાના ઘટાડા સાથે બંધ થયો.

બીજી તરફ, મારુતિ સુઝુકી ૩.૬૦ ટકા, બજાજ ફાઈનાન્સ ૩.૩૧ ટકા, એલ એન્ડ ટી ૩.૦૬ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૯૦ ટકા, ટ્રેન્ટ ૨.૪૬ ટકા, ઈન્ડિગો ૨.૨૬ ટકા, આઈસીઆઈસીઆઈ બેંક ૨.૧૯ ટકા, કોટક મહિન્દ્રા બેંક ૨.૧૩ ટકા, એક્સિસ બેંક ૨.૦૧ ટકા, આઈટીસી ૧.૬૩ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૩૮ ટકા, હિન્દુસ્તાન યુનિલિવર ૧.૨૨ ટકા, ઈટરનલ ૧.૧૪ ટકા, બજાજ ફિનસર્વ ૧.૦૩ ટકા ઘટ્યા હતા.

જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વીકે વિજયકુમારે જણાવ્યું હતું કે બાહ્ય અવરોધોએ બજારને નબળા ક્ષેત્રમાં ધકેલી દીધું છે. યુદ્ધ ચાલુ રહેવાથી અને તે બંધ થવાની કોઈ શક્યતા ન હોવાથી બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ ફરી એકવાર $100 ની નજીક પહોંચી રહ્યા છે, આ નબળાઈ ચાલુ રહેવાની શક્યતા છે. તેમણે ઉમેર્યું હતું કે જ્યારે DII સતત બજારમાં ખરીદી કરી રહ્યા છે, ત્યારે તેમની ખરીદી બજારને સુધારવામાં મદદ કરી રહી નથી કારણ કે FII વેચાણ ચાલુ રાખે છે અને આ અનિશ્ચિત વૈશ્વિક વાતાવરણમાં તેમની વ્યૂહરચના બદલવાના કોઈ સંકેતો દેખાતા નથી.

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે, આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો વધારો જોવા મળ્યો છે. આજે સવારે, વૈશ્વિક બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડનો ભાવ પ્રતિ બેરલ $100 ને વટાવી ગયો. થોડા દિવસો પહેલા તે પ્રતિ બેરલ $120 ની નજીક પહોંચી ગયો હતો જેનાથી વૈશ્વિક નાણાકીય બજારો અને અર્થતંત્ર પર દબાણ વધ્યું હતું.

હોર્મુઝ સ્ટ્રેટની આસપાસ કોમર્શિયલ જહાજો પર ઈરાની હુમલાઓએ પુરવઠાની ચિંતા વધારી દીધી હોવાથી તેલના ભાવમાં ૯% થી વધુનો વધારો થયો હતો. યુએસ બેન્ચમાર્ક WTI ક્રૂડ પણ લગભગ $95 પ્રતિ બેરલ સુધી પહોંચી ગયું હતું.

### રશિયા-ચીન ગેરહાજર

## ઈરાન ખાડી દેશો પર હુમલા બંધ કરે' UNમાં પ્રસ્તાવને ભારત સહિત ૧૩૫ દેશોનું સમર્થન

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

પશ્ચિમ એશિયામાં વધી રહેલા ભારે તણાવની વચ્ચે ભારતે ગુરુવારે આંતરરાષ્ટ્રીય મંચ પર એક મોટું પગલું ભર્યું છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ની બેઠક દરમિયાન ભારતે ખાડી દેશો પર ઈરાન દ્વારા કરવામાં આવી રહેલા હુમલાઓની આકરી ટીકા કરી છે. ભારતે યુએનમાં રજૂ કરાયેલા પ્રસ્તાવનું સમર્થન કર્યું છે અને ખાડી સહયોગ પરિષદ (GCC)ના દેશો તેમજ જોર્ડન વિરુદ્ધ ઈરાનના તમામ સૈન્ય હુમલાઓને તાત્કાલિક અસરથી બંધ કરવાની માંગ કરી હતી. આ ઉપરાંત હોર્મુઝ જળમાર્ગ જેવા મહત્વના દરિયાઈ માર્ગને બંધ કરવાની ઈરાનની ધમકીઓને પણ ભારતે વખોડી કાઢી છે.સુરક્ષા પરિષદના કુલ ૧૫ સભ્યોમાંથી ૧૩ સભ્યોએ બુધવારે આ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું હતું. આ બેઠકમાં ભારત સહિત અન્ય ૧૩૫ યુએન સભ્ય દેશોએ ભાગ લીધો હતો. આશ્ચર્યજનક રીતે આ પ્રસ્તાવની વિરુદ્ધમાં એક પણ મત પડ્યો ન હતો. જોકે વીટો પાવર ધરાવતા કાયમી સભ્યો રશિયા અને ચીન આ બેઠક દરમિયાન ગેરહાજર રહ્યા હતા જેના કારણે તેમની અનુપસ્થિતિમાં જ આ પ્રસ્તાવ પસાર કરી દેવાયો છે. ભારતની સાથે ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, કેનેડા, ફ્રાન્સ અને પાકિસ્તાન જેવા ૧૩૫ દેશોએ બહેરીનના નેતૃત્વમાં આ પ્રસ્તાવને સમર્થન આપ્યું છે.

બીજી તરફ ઈરાને આ પ્રસ્તાવ પસાર થવા પર ઊંડો અફસોસ વ્યક્ત કર્યો છે. સંયુક્ત રાષ્ટ્રમાં ઈરાનના રાજદૂત અમીર-સઈદ ઈરાવાનીએ મતદાન બાદ પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય સમુદાય માટે આ એક અત્યંત દુઃખદ દિવસ છે. તેમણે દાવો કર્યો હતો કે, આ પ્રસ્તાવ સુરક્ષા પરિષદની વિશ્વસનીયતાને ગંભીર નુકસાન પહોંચાડે છે અને તેના ઈતિહાસ પર એક કાયમી ડાઘ સમાન છે. ઈરાને અમેરિકા પર બર્બર યુદ્ધ શરૂ કરવાની અને અલી ખામેનેઈની હત્યા સહિતના સંઘર્ષો શરૂ કરવાનો ગંભીર આરોપ પણ લગાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, સંયુક્ત રાષ્ટ્ર પરિષદમાં આટલી મોટી સંખ્યામાં પ્રસ્તાવ પાસ કરાયો હોય તેવું પહેલીવાર બન્યું છે. યુએનમાં એકસાથે ૧૩૫ દેશો દ્વારા પ્રસ્તાવ લવાયો હોવાનો અને તેને સમર્થન અપાયું હોવાનો એક નવો રેકોર્ડ છે. આ પ્રસ્તાવમાં ખાસ કરીને ઈરાન દ્વારા ખાડી વિસ્તારમાં બંદરો અને ઊર્જા સુવિધાઓ જેવા મહત્વના માળખાગત ઢાંચાને નિશાન બનાવવાની ટીકા કરવામાં આવી છે.

જોકે ઈરાન આ પ્રસ્તાવનું પાલન કરશે કે નહીં તે અંગે હજુ પણ અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. આ જ બેઠક દરમિયાન રશિયા દ્વારા રજૂ કરવામાં આવેલો એક પૃષ્ઠનો વૈકલ્પિક પ્રસ્તાવ જરૂરી ૯ મતો મેળવવામાં નિષ્ફળ રહ્યો હતો જેમાં ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકાને સૈન્ય પ્રવૃત્તિઓ રોકવા વિનંતી કરવામાં આવી હતી. ચીને પણ અમેરિકા-ઈઝરાયલને હુમલા બંધ કરવા કહ્યું છે.

## દેશમાં એલજીપી સિલિન્ડરની અછત નથી : પેટ્રોલિયમ મંત્રી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં ગેસ સંટકને લઈને સંસદમાં પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યુ કે દેશમાં પર્યાપ્ત LPG સિલિન્ડર છે અને કોઈએ ગભરાવાની જરૂર નથી. તેમણે કહ્યું કે બ્લેક માર્કેટિંગ રોકવા માટે સરકારે મહત્વપૂર્ણ પગલાં ભરવાનો નિર્દેશ આપ્યો છે. પેટ્રોલિયમ મંત્રાલય અનુસાર ગ્રામિણ વિસ્તારમાં ૪૫ દિવસ બાદ તો શહેરી ક્ષેત્રોમાં ૨૫ દિવસ બાદ બીજા LPG સિલિન્ડરનું બુકિંગ થશે. લોકસભામાં કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યુ- મોડર્ન એનર્જી હિસ્ટ્રીમાં દુનિયાએ આવો સમય પહેલા ક્યારેય જોયો નથી. ભારતની ક્રૂડ સપ્લાયની સ્થિતિ સુરક્ષિત છે અને વોલ્યુમ હોર્મુઝથી મળનાર વોલ્યુમથી વધુ છે. સંકટ પહેલા ભારતનું લગભગ ૪૫ ટકા ક્રૂડ સ્ટ્રેટ ઓફ હાર્મુઝના રસ્તેથી આયાત થતું હતું. પ્રધાનમંત્રી મોદીની શાનદાર કૂટનીતિક પહોંચ અને શાખને કારણે, ભારતે એટલું ક્રૂડ વોલ્યુમ હાસિલ કર્યું છે, જેટલું આ સમયે સ્ટ્રેટ ઓફ હોર્મુઝથી મળી શકતું હતું. દેશમાં એલપીજી સંકટ પર કેન્દ્રીય મંત્રીએ કહ્યું, છેલ્લા પાંચ દિવસમાં, રિફાઈનરના નિર્દેશ હેઠળ એલપીજી ઉત્પાદનમાં ૨૮ ટકાનો વધારો થયો છે અને આગળની ખરીદી ચાલી રહી છે.

## રોહિત પવારે વિપક્ષના નેતા રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

મહારાષ્ટ્ર સરકારમાં ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી અને નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીના નેતા રહેલા સ્વર્ગસ્થ અજિત પવારના પ્લેન અકસ્માતના કેસમાં ધારાસભ્ય રોહિત પવારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી. રાહુલ ગાંધી સાથેની મુલાકાત બાદ નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર જૂથ)ના નેતા અને ધારાસભ્ય રોહિત પવારે જણાવ્યું કે, "હું ૨ દિવસ પછી એક મોટો ખુલાસો કરીશ." પવારનું કહેવું છે કે રાહુલ ગાંધીએ તેમને એક મહત્વનું સૂચન આપ્યું છે, જેનો ખુલાસો તેઓ ૨ દિવસ પછી કરશે. રોહિત પવારના જણાવ્યા મુજબ, રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું છે કે તેઓ કોઈપણ તપાસમાં પૂરો સહયોગ આપવા તૈયાર છે.

તેમણે જણાવ્યું કે રાહુલ ગાંધીએ એક પાયલોટ તરીકે કેટલીક મહત્વની બાબતો પણ શેર કરી છે. રોહિત પવારે સવાલ ઉઠાવતા પૂછ્યું કે, આખરે અત્યાર સુધી FIR કેમ નોંધવામાં આવી નથી અને કોણ કોને બચાવવાનો પ્રયાસ કરી રહ્યું છે? પવારે કહ્યું કે, "મારી રાહુલ ગાંધી સાથે લગભગ ૩૦ મિનિટ સુધી મુલાકાત થઈ છે. મેં તેમનો આભાર વ્યક્ત કર્યો છે. આજે દેશમાં અનેક મુદ્દાઓ છે અને વિપક્ષના નેતા તરીકે તેઓ તેની સામે લડી રહ્યા છે." પવારના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધી એ વાતને લઈને આશ્ચર્યમાં હતા કે આટલા મોટા નેતાનો અકસ્માત થયો હોવા છતાં FIR કેમ નથી થઈ રહી.




# તંત્રી લેખ......

## યુદ્ધ ઊર્જા બજારોને વિક્ષેપિત કરે છે

ઈરાન પર ઈઝરાયલી અને યુએસના હુમલાઓ વચ્ચે, હોર્મુઝ સ્ટ્રેટ હેડલાઈન્સમાં રહે છે. આ સમજી શકાય તેવું છે, કારણ કે વિશ્વના તેલ અને ગેસ પુરવઠાનો લગભગ ૨૦ ટકા તેમાંથી પસાર થાય છે. ઈરાન અને ઓમાન વચ્ચે એક સમયે ૩૩ કિલોમીટરનો આ સાંકડો જળમાર્ગ પશ્ચિમ એશિયામાં મહાયુદ્ધ ફાટી નીકળ્યા પછીથી સ્થગિત છે. આ મહત્વપૂર્ણ જળમાર્ગના અવરોધના પરિણામો સમગ્ર વિશ્વ ભોગવી રહ્યું છે, અને ભારત પણ તેનો અપવાદ નથી.

યુદ્ધની આગની અસર તેલના ભાવ પર પડવા લાગી છે. આ વર્ષની શરૂઆતમાં, આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ૬૦ પ્રતિ બેરલ હતા. સોમવારે આ ભાવ લગભગ ૧૨૦ પ્રતિ બેરલ સુધી પહોંચી ગયા. આનો અર્થ એ થયો કે બે મહિનામાં ભાવ લગભગ બમણા થઈ ગયા છે. રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયાના થોડા મહિના પછી, જૂન ૨૦૨૨ માં તેલના ભાવમાં આવો વધારો જોવા મળ્યો હતો.

તેલના ભાવમાં તાજેતરનો વધારો સ્પષ્ટપણે હોર્મુઝ સ્ટ્રેટની આસપાસની પરિસ્થિતિને કારણે છે, જ્યાં દરરોજ આશરે ૧૦ થી ૧૧ મિલિયન બેરલ ક્રૂડ ઓઈલ પસાર થાય છે. ઈરાક, કુવૈત અને સંયુક્ત આરબ અમીરાતએ ઉત્પાદન બંધ કરી દીધું છે, તેમના ઉત્પાદનો નિકાસ કરવામાં અસમર્થ છે. આને કારણે, વિશ્વની સૌથી મોટી તેલ કંપની, અરામકોએ પણ તેની વ્યૂહરચના બદલવી પડી છે. આ સાઉદી અરેબિયાની કંપનીએ પોતાનું તેલ વેચવા માટે લાલ સમુદ્રના યાન્બુ બંદરનો આશરો લીધો છે.

આમ છતાં, તે સામાન્ય રીતે ૭ મિલિયન બેરલ તેલ પૂરું પાડે છે તેની સરખામણીમાં તે ફક્ત ૫ મિલિયન બેરલ તેલ પૂરું પાડી શકે છે. એકંદરે, આ મડાગાંઠ હાલમાં વૈશ્વિક તેલ પુરવઠાના ૨૦ ટકાને અસર કરે છે. સોમવારે તેલના ભાવમાં વધારો મંગળવારે થોડો અટકી ગયો હતો જ્યારે યુએસ રાષ્ટ્રપતિએ સંકેત આપ્યો હતો કે લડાઈ લાંબા સમય સુધી ચાલશે નહીં. જોકે, બજારો અને વિશ્લેષકો તેમના દાવાઓથી અસંતુષ્ટ છે. જ્યાં સુધી હોર્મુઝ સ્ટ્રેટમાંથી તેલ જહાજોનો સરળ માર્ગ સુનિશ્ચિત ન થાય ત્યાં સુધી તેઓ આશ્વાસન પામશે નહીં.

વર્તમાન પરિસ્થિતિઓમાં, વિશ્લેષકો બે દૃશ્યો જુએ છે. જો યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થાય છે, તો તેલના ભાવ પ્રતિ બેરલ ઈ૬૫ સુધી ઘટી શકે છે. તેનાથી વિપરીત, જો લડાઈ લંબાય છે અને ઊર્જા માળખાને ભારે નુકસાન થાય છે, તો આગામી છ મહિનામાં ક્રૂડ તેલના ભાવ પ્રતિ બેરલ ઈ૧૫૦ સુધી પહોંચી શકે છે. સૌથી આશાવાદી દૃષ્ટિકોણ પણ સૂચવે છે કે ક્રૂડ તેલ સમગ્ર વર્ષ દરમિયાન પ્રતિ બેરલ ૭૫ અને ૮૦ ની વચ્ચે રહી શકે છે, જે વર્ષની શરૂઆત કરતા વધારે છે. ભારત માટે આ ખૂબ જ અસ્વસ્થતાભરી પરિસ્થિતિ હશે, કારણ કે તે તેની તેલ જરૂરિયાતોના ૮૫ ટકા આયાત કરે છે. ક્રૂડ ઓઈલમાં પ્રતિ બેરલ ૧૦ ડોલરનો વધારો થવાનો અર્થ આયાત ખર્ચમાં ૧૨ થી ૧૫ અબજ ડોલરનો વધારો થશે. આનાથી પેટ્રોલ, ડીઝલ અને રસોઈ ગેસના ભાવમાં વધારો થશે. આનાથી પરિવહન, ઉત્પાદન અને ખાદ્ય વ્યવસ્થા પર અસર પડશે. ફુગાવો વધશે, અને રિઝર્વ બેંક પાસે વ્યાજ દર ઘટાડવા માટે ઓછી જગ્યા રહેશે.

તેલ ચર્ચા વચ્ચે, ગંભીર ચિંતાઓનો સામનો કરી રહેલા ન્દ્રવ્ય ગેસના મુદ્દાને અવગણી શકાય નહીં. વિશ્વના સૌથી મોટા ન્દ્રવ્ય નિકાસ કેન્દ્ર, કતારના રાસ લાફાન પ્લાન્ટને ડ્રોન હુમલા પછી બંધ કરી દેવામાં આવ્યો છે. કતાર એકલા વિશ્વના કુલ ન્દ્રવ્યનો ૨૦ ટકા સપ્લાય કરે છે. જો અબુ ધાબીના મડાગાંઠને સામેલ કરવામાં આવે તો, વૈશ્વિક બજારમાંથી ન્દ્રવ્યનો નોંધપાત્ર જથ્થો ગાયબ થઈ ગયો છે. તેની અસર પહેલાથી જ દેખાઈ રહી છે. શિયાળા પછી યુરોપને એલએનજી સ્ટોરેજની સખત જરૂર છે, જ્યારે ઉનાળા નજીક આવતાં એશિયામાં એર કંડિશનરની માંગમાં વધારો જોવા મળી રહ્યો છે. આ બદલાયેલી પરિસ્થિતિને કારણે એક અઠવાડિયામાં ગેસની આયાતમાં ૨૬ ટકાનો ઘટાડો થયો છે. હવે, પ્રશ્ન એ ઊભો થાય છે કે શું યુનાઈટેડ સ્ટેટ્સ અને ઓસ્ટ્રેલિયા આ ગેસની અછતને પહોંચી વળવા સક્ષમ છે? બંને દેશો તેમની સંપૂર્ણ ક્ષમતા સાથે સપ્લાય કરવા માટે કામ કરી રહ્યા છે, પરંતુ તે ઉકેલ ન પણ હોઈ શકે. મોર્ગન સ્ટેનલીના મતે, જો કતારનો અવરોધ એક મહિનાની અંદર ઉકેલવામાં ન આવે, તો વૈશ્વિક ગેસ પુરવઠો તૂટી પડવાનો છે.

# ગુજરાતી સીંગર કિંજલ રબારીએ પ્રેમી સાથે ભાગીને કર્યા આંતરજ્ઞાતિય લગ્નઃ વિડીયો વાયરલ કરી રહ્યુ હવે જીવનુ જોખમ




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી પ્રેમ લગ્ન, આંતરજ્ઞાતિય લગ્ન અને ભાગેડુ લગ્નનો મુદ્દો ભારે ગરમાયો છે. આ વચ્ચે અગાઉ ગુજરાતી સીંગર કિંજલ દવે અને આરતી સંઘાણી બાદ હાલ વધુ એક ગુજરાતી સીંગર નો આંતરજ્ઞાતિય લગ્નનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. હાલ સીંગર કિંજલ રબારીએ સોશીયલ મીડીયા પ્લેટફોર્મ ઈન્સ્ટ્રાગ્રામ પર એક વિડીયો શેર કરીને પોતે આંતરજ્ઞાતિય લગ્ન કર્યા હોવાનુ જણાવ્યુ છે. સાથે જ તેણીએ પોતાને તથા તેના પતિને જીવનુ જોખમ હોવાનુ જણાવી પોલીસ પાસે સુરક્ષાની માંગ કરી છે. વિગતે વાત કરીએ તો મુળ પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના સીનાડ ગામના વતની ગુજરાતી સીંગર કિંજલ રબારીએ હાલ સોશીયલ મીડીયા પર એક વિડીયો વાયરલ કર્યો છે, તેણીએ પોતાની મરજીથી પોતાના પ્રેમી અશોક ચૌધરી સાથે આંતરજ્ઞાતિય લગ્ન કર્યા હોવાની વાત રજુ કરી છે અને હાલ સોશીયલ મીડીયા પર આ બાબતનો વિરોધ જોવા મળતા તેણીએ પોલીસ પાસે સુરક્ષાની માંગ કરી છે. વાયરલ વિડીયોમાં કિંજલ રબારી કહી રહી છે, તેણીએ સોશીયલ મીડીયામાં પોતાના પતિ વિરૂધ્ધ લખાણ જોયુ હતુ પરંતુ આ વિરોધ યોગ્ય નથી, કારણ કે આ લગ્ન કરતા પહેલા પોતાના પરીવારને અવાર નવાર સમજાવ્યા હતા, છતાં તેઓએ સહમત ન થતા તેણીએ પોતે પોતાના પ્રેમી અશોક ચૌધરીને આ વાતની જાણ કરી હતી. ત્યારબાદ અશોક ચૌધરી આ તેને આવીને લઈ ગયો હતો આ બાદમાં બંને એ લગ્ન કરી લીધા છે. એટલુ જ નહી સીંગર કિંજલ રબારીએ વધુમાં વાયરલ વિડીયોમાં કહ્યુ કે હાલ આ મામલે સમાજના લોકો ભારે વિરોધ કરી રહ્યા છે અને તેને બદનામ કરવામાં આવી રહી છે. જેથી તેને અને તેના પતિને હાલ જીવનુ જોખમ છે. જેથી તેઓને હાલ સુરક્ષાની જરૂર છે. ત્યારે તેણીએ પોલીસ પાસે પ્રોટેકશન માંગ્યુ છે. સાથે જ લગ્નને લઈ મને અને મારા પતિને કઈ પણ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી પરીવારની રહેશે તેવુ વાયરલ વિડીયોમાં સ્પષ્ટ જણાવ્યુ છે. નોંધનીય છે કે આ પહેલા ગુજરાતી સીંગર કિંજલ દવે એ અન્ય જ્ઞાતિના યુવક સાથે સગાઈ કરતા તથા સીંગર આરતી સંઘાણીએ બીજી જ્ઞાતિમાં લગ્ન કરતા વિવાદનો મધપુડો છંછેડાયો હતો. આ બંને સામે આ આંતરજ્ઞાતિય જીવનસાથી બાબતે પોત પોતાના સમાજે બાંયો ચઢાવી હતી અને હાલ આવી જ એક સીંગર કિંજલ રબારી એ આંતરજ્ઞાતિય લગ્ન કરતા ફરી એકવાર વિવાદના વંટોળ ઉઠી રહ્યા છે. ત્યારે હવે જોવુ રહ્યુ કે આ મામલે આગામી સમયમાં શું નવો વળાંક બહાર આવે છે.

# રાજ્યની ITIમાં મોટર મિકેનિક ટ્રેડમાં તાલીમ લઈ રહેલા યુવાઓને ઈલેક્ટ્રીક વ્હીકલ્સ સંલગ્ન પ્રાયોગિક તાલીમથી સજ્જ બનાવાશે

રાજ્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ આઈ.ટી.આઈ.માં મોટર મિકેનિક ટ્રેડના ૮,૦૦૦ થી વધુ યુવા તાલીમાર્થીઓ હવે ઈલેક્ટ્રીક વ્હીકલ સંબંધિત નવીન ટેકનોલોજીની તાલીમ મેળવી શકશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર ૪૦ જેટલી ઈલેક્ટ્રીક કારનું વિવિધ જિલ્લાઓની ITI માટે ગાંધીનગરમાં શ્રમ કૌશલ્ય વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાની ઉપસ્થિતિમાં વિતરણ કર્યું હતું.

ઈલેક્ટ્રીક વાહનોના વધતા જતા વ્યાપ અને તે ક્ષેત્રમાં સર્જાનારી રોજગારીની વિપુલ તકોને ધ્યાને રાખીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગે સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને તેને અનુરૂપ આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવા માટેની કામગીરી હાથ ધરી છે.

ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીઝમાં ઈલેક્ટ્રીક વાહન સેક્ટરમાં બેટરી ટેકનોલોજી, ઈલેક્ટ્રિક પાવરટ્રેન અને એમ્બેડ સોફ્ટવેરમાં નિષ્ણાતોની માંગમાં પણ વધારો થતો જાય છે. આ સંદર્ભમાં ઉદ્યોગોને સ્કીલ મેનપાવર મળી રહે તે માટે ઓટોમોબાઈલ સેક્ટરના વ્યવસાયોમાં સિલેબસ આધારિત ૪૦ ઈલેક્ટ્રિક કાર આઈ.ટી.આઈને ઉપલબ્દ્ધ કરાવીને તાલીમાર્થીઓને નવીનતમ ટેકનોલોજી સંબંધિત તાલીમ આપવાનું લક્ષ્ય રાજ્ય સરકારે રાખ્યું છે. સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તાલીમ લઈ રહેલા તાલીમાર્થીઓ ઈલેક્ટ્રીક વાહન તથા તેને સંલગ્ન વ્યવસાયોની પ્રાયોગિક તાલીમમાં સક્ષમ બનીને આત્મનિર્ભરતા કેળવી શકે તે માટે નવીનતમ ટેકનોલોજી મુજબની પ્રેક્ટીકલ તાલીમ ઉપલબ્ધ કરાવવામાં આ ૪૦ ઈલેક્ટ્રીક કાર ઉપયોગી બનશે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ ૪૦ ઈ.વી. કાર ઉપરાંત ૫૦ ધનવંતરી આરોગ્ય રથ અને ૬ મોબાઈલ મેડિકલ વાનના લોકાર્પણ પણ કર્યા હતા.

બાંધકામ શ્રમિકો અને સંસ્થાઓના શ્રમયોગીઓ તથા તેમના પરિવારજનોને તેમના ઘર આંગણે પ્રાથમિક તબીબી સારવાર મળી રહે, ગંભીર રોગ થતા અટકે અને તેમનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુથી આ ધનવંતરી આરોગ્ય રથમાં તાવ, ઝાડા, ઉલટી, ચામડીના રોગો જેવા સામાન્ય રોગો સહિત પ્રાથમિક ઈજાઓમાં સારવાર તથા પેશાબ, લોહી, બ્લડ, સુગર, મેલેરિયા જેવી લેબોરેટરી તપાસ કરી અપાય છે.

એટલું જ નહિ, બાળકોની તેમજ સગર્ભા મહિલાઓની સગર્ભાવસ્થા દરમિયાન પ્રાથમિક સારવાર આપવા સહિતના વિવિધ નિદાન સ્થળ પર જ કરીને વિના મૂલ્યે જરૂરિયાત મુજબ દવાઓ આપવામાં આવે છે.

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં ૧૫૪ ધનવંતરી આરોગ્ય રથ અને ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા ૨૫ મોબાઈલ મેડિકલ વાન સેવારત છે

હવે, નવા લોકાર્પણ થયેલા ૫૪ ધનવંતરી આરોગ્ય રથ અને ૭ મોબાઈલ મેડિકલવાન સાથે રાજ્યભરના ૩૪ જિલ્લાઓમાં કુલ ૨૦૬ ધનવંતરી આરોગ્ય રથ અને ૩૧ મોબાઈલ મેડિકલ વાન શ્રમિકોની આરોગ્ય સુરક્ષાના હેતુસર કાર્યરત કરવામાં આવ્યા છે.આ લોકાર્પણ અવસરે શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના સચિવ શ્રી લોચન સહેરા, રોજગાર અને તાલીમ નિયામક શ્રી નીતિન સાંગવાન, લેબર કમિશનર શ્રી લાખાણી અને વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગર ગિફ્ટ સિટીમાં ભાડે ફ્લેટ રાખી મોરબીનો શખ્સ ચલાવતો ગાંજાનો વેપલો

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

રાજ્ય સરકાર દ્વારા ગિફ્ટ સિટીમાં દારૂબંધીના નિયમોમાં અપાયેલી છૂટછાટ હાલ ચર્ચામાં છે, ત્યારે આ હાઈટેક સિટીમાં હવે ગાંજાનો કાળો કારોબાર પણ પગપેસારો કરી રહ્યો હોવાનું સામે આવ્યું છે. ગાંધીનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ના પી.આઈ. એચ.આઈ. ભાટી અને તેમની ટીમે એક ગુપ્ત બાતમીના આધારે ગિફ્ટ સિટી વિસ્તારમાં દરોડો પાડીને લાખો રૂપિયાની કિંમતનો નશીલા પદાર્થનો જથ્થો ઝડપી પાડતા ચકચાર મચી ગઈ છે. SOGની ટીમે ગિફ્ટ સિટીમાં આવેલા 'શોભા ડ્રીમ હાઈટ્સ' ટાવરમાં ઓચિંતી રેડ કરી હતી. આ હાઈપ્રોફાઈલ બિલ્ડિંગમાં ચાલી રહેલા નશાના નેટવર્કનો ભાંડો ફૂટ્યો હતો. તપાસ દરમિયાન પોલીસને બેડરૂમમાં રાખેલી નાઈકીના લોગોવાળી બેગમાંથી ૦.૭૪૬ કિલોગ્રામ લીલાશ પડતો વનસ્પતિજન્ય પદાર્થ મળી આવ્યો હતો. સ્થળ પર એફએસએલ (FSL) ના સાયન્ટિફિક ઓફિસરને બોલાવી પરીક્ષણ કરાવતા તે ઉચ્ચ ગુણવત્તાનો 'ગાંજો' હોવાનું સાબિત થયું હતું, જેની બજાર કિંમત અંદાજે રૂ.૨૬.૧૧ લાખથી વધુ હોવાનું મનાય છે. આ સમગ્ર કેસમાં મુખ્ય આરોપી તરીકે મોરબીના વતની અંકિત રાજેશભાઈ કક્કડની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે અંકિત Airbnb એપ્લિકેશન દ્વારા ગિફ્ટ સિટીના આ લક્ઝુરિયસ એપાર્ટમેન્ટમાં રોજના રૂ.૩,૦૦૦ લેખે રહેતો હતો. એટલે કે તે માસિક રૂ.૯૦,૦૦૦ થી વધુનું માતબર ભાડું ચૂકવતો હતો. આ ભાડાનું પેમેન્ટ પણ તે ડિજિટલ માધ્યમથી ગૂગલ પે દ્વારા કરતો હતો, જેથી કોઈને શંકા ન જાય.

આરોપી અંકિત કક્કડની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. તેણે કબૂલાત કરી છે કે આ ગાંજાનો જથ્થો તેણે બે દિવસ પહેલા જ વડોદરાના તાંદલજા વિસ્તારમાં આવેલા મેકડોનાલ્ડ્સ બર્ગર પાસે અનિકેત રબારી નામના શખ્સ પાસેથી મેળવ્યો હતો. આ ખુલાસા બાદ હવે પોલીસનું ધ્યાન વડોદરાના આ મુખ્ય સપ્લાયર તરફ કેન્દ્રિત થયું છે, જેણે આટલી મોટી માત્રામાં ડ્રગ્સની ડિલિવરી આપી હતી.

પોલીસે આ ઓપરેશન દરમિયાન માત્ર ગાંજો જ નહીં, પરંતુ અન્ય ચીજવસ્તુઓ પણ કબજે કરી છે. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં રૂ.૨૬.૧૧ લાખનો ગાંજો, રૂ.૪,૦૦૦ રોકડા, બે મોંઘા આઈફોન, ઈલેક્ટ્રિક વજન કાંટો અને આધાર કાર્ડ સહિત કુલ રૂ.૨૬,૬૫,૫૦૦ ની મત્તાનો સમાવેશ થાય છે. વજન કાંટો મળી આવતા એવી શંકા દ્રઢ બની છે કે આરોપી આ ગાંજાનું છૂટક વેચાણ (પેડલિંગ) કરતો હોઈ શકે છે.

## આણંદની શાળામાં મધ્યાહન ભોજન માટે ગેસની તંગી

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ,

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે રાજ્યમાં સર્જાયેલી LPG ગેસની અછત હવે સરકારી શાળાઓ સુધી પહોંચી છે. આણંદ જિલ્લાની એક શાળાએ મધ્યાહન ભોજન યોજના (PM પોષણ યોજના) ખોરવાય નહીં તે માટે અત્યારથી જ વહીવટી તંત્ર પાસે ગેસ સિલિન્ડરની માગ કરી છે. આણંદ જિલ્લાની આસોદર પ્રાથમિક કન્યા શાળાના આચાર્ય દ્વારા આ ગંભીર મુદ્દે લેખિત પત્ર લખવામાં આવ્યો છે. શાળાના આચાર્યે ગેસ એજન્સીને પત્ર લખીને જણાવ્યું છે કે, માર્ચ ૨૦૨૬થી શાળાના મધ્યાહન ભોજન માટે પુરવઠામાં ૬ રાંધણગેસના સિલિન્ડરની ફાળવણી તાત્કાલિક ધોરણે કરવામાં આવે. પી.એમ. પોષણ યોજના અંતર્ગત બાળકોને આપવામાં આવતા ભોજનમાં ગેસની અછતને કારણે મુશ્કેલીઓ સર્જાઈ રહી છે. ભવિષ્યમાં બાળકોનું ભોજન બંધ ન થાય તે માટે આ પૂર્વતૈયારીના ભાગરૂપે રજૂઆત કરાઈ છે.

વર્તમાન સમયમાં ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધની સ્થિતિને કારણે પ્રોપેન અને કોમર્શિયલ ગેસના પુરવઠામાં કાપ મૂકાયો છે. આ સ્થિતિની અસર ધીરે ધીરે અન્ય ક્ષેત્રોમાં પણ જોવા મળી રહી છે.

# મંત્રીઓ- પીએસ-પીએ અને વિભાગો સાથે નું સેટીંગ બહાર આવ્યું : વિભાગ નો અધિકારી લાખોનો વહિવટ લઈ જીએડીના અધિકારીના બંગલે આપવા જતા સેટીંગ બહાર આવ્યું



પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના રાજમાં મંત્રીઓ, પીએસ તેમજ પીએ સાથે સાથે વિભાગના અધિકારીઓનુ લાખો રૂપીયાનુ ચાલતુ સેટીંગ બહાર આવ્યું છે. ભુપેન્દ્ર પટેલ ની ગઈ ટર્મ માં જે મંત્રીઓ અને પીએસ-પીએ હતા તેઓને નવા મંત્રી મંડળમાં કયાંક ખાતાઓની ફેરબદલી કરવામાં આવતા તો કેટલાક પીએસ અને પીએ ને બદલી નાખવામાં આવ્યા છે. ત્યારે ગઈ ટર્મ માં એક મંત્રીના ત્યાં રહેલા પીએસ ના નંબર ઉપર ફોન આવ્યો સામેથી વિભાગના અધિકારીએ કહ્યુ કે પેલુ આપવાનુ છે તો હું કયા આપવા આવુ, ત્યારે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી ચુકેલા જીએડીના અધિકારીને ખબર ન હતી કે વિભાગનો અધિકારી નોટોના બંડલ લઈને આપવા આવવાનો છે. જીએડી નો અધિકારી એવુ સમજયો કે પ્રમોશન કે બઢતી મળી હશે એટલે મીઠાઈનું પેકેટ આપવાનું હશે, ત્યારે આ મહાશય વિભાગનો અધિકારી સવારે નોટો ના બંડલો લઈ જીએડીના અધિકારીના બંગલે આપવા ગયો ત્યારે પોતે બંગલાની અંદર બીજા માળે બાથરૂમમાં સ્નાન કરી રહ્યા હતા. આ વિભાગના અધિકારીએ જીએડીના અધિકારીના બંગલે જઈ અધિકારીની પત્નીને નોટોના બંડલની બેગ પકડાવતા અધિકારીના પત્ની ચોંકી ઉઠયા હતા અને વિભાગના અધિકારીને બેસાડી ઉપર બીજા માળે સ્નાન કરી રહેલા જીએડી ના અધિકારીને તેમની પત્નીએ આ અંગે જાણ કરતા જીએડી ના અધિકારી ખુદ ચોકી ઉઠયા હતા. અને કહ્યુ હતુ કે આ નંબર મારો છે, અગાઉ આ નંબર મંત્રીના પીએ-પીએસ પાસે હતો એટલે તમારી ભુલ થઈ ગઈ છે. મહેરબાની કરી તમે આ રૂપીયાના બંડલો લઈ અહીંથી ચાલ્યા જાવો, હું લેવડ-દેવડમાં માનતો નથી અને હવેથી મને ફોન કરતા નહી, તમે રૂબરૂ મંત્રીની ઓફીસે જઈ પીએ-પીએસ ને મળી નંબર મેળવી લો, હવે સવાલ એ ઉઠી રહ્યો છે કે લાખો કરોડો રૂપીયાના વહિવટ મંત્રીઓ અને પીએ-પીએસ વિભાગોના અધિકારીઓ સાથે મીલીભગતથી કરી રહ્યા હોય તો ધારાસભ્યો અને અન્ય સામાન્ય માણસોના કામો કેવી રીતે થતા હશે ? હાલમાં પણ આ અધિકારી મંત્રી પાસે કામ કરી રહ્યો છે તેવુ જીએડીના અધિકારીએ નામ ન આપવાને શરતે જણાવ્યુ હતું. ભુતકાળમાં ભાજપ સરકારમાં ભ્રષ્ટાચાર ચાલતો ન હતો તેનાથી ૩ ઘણો ભ્રષ્ટાચાર હાલમાં ભુપેન્દ્ર પટેલની સરકારમાં ચાલી રહ્યો છે. મંત્રીઓએ પોતાના મતવિસ્તારના ખાનગી માણસોને સાથે રાખી ખુલ્લેઆમ લાખો રૂપીયાના વહિવટો કરી રહ્યા છે. વિકાસની વાતો કરતી સરકારમાં માત્ર લાખો રૂપીયાના બેનંબરી કામોનો જ વિકાસ થયો છે. ગરીબ અને સામાન્ય પ્રજાના કામો તો ઠેર ના ઠેર જ રહ્યા છે.

### જે પણ લોકો ઉમેદવારી કરવા માંગતા હોય, તેમને જિલ્લા સ્તરની સ્કુટીની પ્રક્રિયામાં ભાગ લેવા આમંત્રણઃ AAP

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી મુદ્દે AAPની ઉમેદવાર પસંદગી પ્રક્રિયા શરૂ

અમદાવાદ શહેર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. થોડા સમયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાવાની છે. આ બાબતે આમ આદમી પાર્ટી સતત સંઘર્ષ કરીને આજે ગુજરાતની અંદર એક મજબૂત વિકલ્પ તરીકે ઊભરી આવી છે. આજે જ્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે પાર્ટી તમામ સીટો પર મજબૂતીથી ચૂંટણી લડવા જઈ રહી છે. આ બાબતે આમ આદમી પાર્ટીની ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ગત ૧૦મી માર્ચથી શરૂ કરવામાં આવી છે. અમદાવાદ વેસ્ટ ખાતે મહાનગરપાલિકા સીટો માટે ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયામાં ડૉ જ્વેલ વસરા મધ્ય ઝોન અધ્યક્ષ,આફતાબ ભાઈ, હિરેન ગોહિલ, નીતિન બારોટ,જતીન પટેલ,યાત્રિક પટેલ વિપુલ પટેલ સહિતના પદાધિકારીઓ જોડાયા હતા. આ સમગ્ર પ્રક્રિયા ખૂબ જ પારદર્શક અને લોકશાહી પદ્ધતિથી કરવામાં આવી રહી છે, જેમાં પાર્ટીના કાર્યકરો, પદાધિકારીઓ અને સમર્થકોને પણ ભાગ લેવા તક મળી રહ્યો છે. ગુજરાતના લોકો અને ગુજરાતના યુવાનો ભાજપના શાસનમાંથી મુક્તિ ઈચ્છે છે. આમ આદમી પાર્ટી એક સકારાત્મક વિકલ્પ તરીકે આગળ આવી રહી છે ત્યારે જેને પણ રાજકારણમાં આવવું હોય તે આ પ્રક્રિયામાં ભાગ લઈ શકે છે. આવો સાથે મળીને ગુજરાતને ભાજપના અત્યાચારમાંથી મુક્ત કરીએ અને સાચા અર્થમાં ગુજરાતનો વિકાસ કરીએ.

આમ આદમી પાર્ટી દ્વારા બે તબક્કામાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરશે. પ્રથમ તબક્કામાં જિલ્લા અને લોકસભા સ્તરે આગામી ૧૦મી તારીખથી લઈને ૧૫મી તારીખ સુધી અલગ અલગ જિલ્લાઓ અને લોકસભા વિસ્તારોમાં આમ આદમી પાર્ટીની સ્કુટિની કમિટીઓ બેઠકો કરશે. તેમાં તમામ દાવેદારો, જેમણે ચૂંટણી લડવા માટે ઈચ્છા દર્શાવી છે, તેઓને મળવામાં આવશે અને સાથે સંગઠનના સાથીઓ સાથે ચર્ચા કરીને પસંદગી પ્રક્રિયા આગળ વધારવામાં આવશે. ત્યારબાદ પ્રદેશ સ્તરે પ્રદેશ ચૂંટણી કમિટી દ્વારા ૧૬મીથી ૧૮મી તારીખ વચ્ચે તમામ ઉમેદવારના નામો અને ચર્ચાઓ પર વિચાર કરવામાં આવશે. ત્યાર પછી આ તમામ નામો આમ આદમી પાર્ટીની સર્વોચ્ચ સમિતિ પાસે અંતિમ મંજૂરી માટે મોકલવામાં આવશે. અમને પૂરો વિશ્વાસ છે કે આમ આદમી પાર્ટીના તમામ ઉમેદવારોના નામ ૨૦મી માર્ચ પછી જાહેર કરવામાં આવશે અને પાર્ટી તમામ સીટો પર મજબૂત ઉમેદવારો સાથે ચૂંટણી મેદાનમાં ઉતરશે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com


# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ક્રૂડ તેલના વાયદામાં તેજીની આગેકૂચ સાથે ભાવમાં રૂ.૩૫૦નો ઉછાળોઃ સોના-ચાંદીના વાયદામાં પણ વૃદ્ધિ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૫૫૫૩૪.૬૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૫૧૩૨.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૩૦૪૦૦.૭૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૪૦૧૭૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૫૧૦૦.૩૬ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૨૧૦૫.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૨૭૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૨૯૯૧ અને નીચામાં રૂ.૧૬૧૦૭૬ના મથાળે અથડાઈ, રૂ.૧૬૧૭૮૯ના આગલા બંધ સામે રૂ.૨૦૦ વધી રૂ.૧૬૧૯૮૯ થયો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૮૭ વધી રૂ.૧૩૨૨૦૮ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૩ વધી રૂ.૧૬૬૧૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૧ વધી રૂ.૧૬૨૦૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૨૩૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૨૯૬૫ અને નીચામાં રૂ.૧૬૧૭૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૬૨૫૬૩ના આગલા બંધ સામે રૂ.૧૨૪ વધી રૂ.૧૬૨૬૮૭ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૬૯૨૧૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૭૪૬૬૫ અને નીચામાં રૂ.૨૬૬૧૭૪ના મથાળે અથડાઈ, રૂ.૨૬૮૪૯૧ના આગલા બંધ સામે રૂ.૫૦૦૯ વધી રૂ.૨૭૩૫૦૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૪૫૫૫ વધી રૂ.૨૭૮૭૮૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૪૩૩૦ વધી રૂ.૨૭૮૮૦૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૮૮૨.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૧.૧ વધી રૂ.૧૨૦૪.૭ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ વાયદો ૪૦ પૈસા વધી રૂ.૩૨૫.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૨.૫૫ વધી રૂ.૩૪૭.૨ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો ૧૦ પૈસા વધી રૂ.૧૮૮.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૦૯૧૩.૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૩૮૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૭૭૪ અને નીચામાં રૂ.૪૩૮૨ના સ્તરને સ્પર્શી, રૂ.૩૯૪ વધી રૂ.૪૭૭૪ થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૮૪૩૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૮૨૯ અને નીચામાં રૂ.૮૩૧૪ના સ્તરને સ્પર્શી, રૂ.૮૧૦૭ના આગલા બંધ સામે રૂ.૩૫૦ વધી રૂ.૮૪૫૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૩૫૩ વધી રૂ.૮૪૫૮ થયો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ ૭૦ પૈસા ઘટી રૂ.૨૯૫.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો ૭૦ પૈસા ઘટી રૂ.૨૯૫.૬ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૪ના ભાવે ખૂલી, રૂ.૫.૬ ઘટી રૂ.૯૯૨.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન માર્ચ વાયદો રૂ.૨૬૦ વધી રૂ.૨૫૭૬૦ થયો હતો. એલચી




માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૫૨૧ના ભાવે ખૂલી, રૂ.૪ ઘટી રૂ.૨૫૨૧ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૫૯૯.૦૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૫૫૦૬.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૦૭૦.૩૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૩૨.૮૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨.૨૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬૯.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૧.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૬૬૯.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨૧૩.૩૦ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૫.૩૬ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૧.૨૮ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૪૫ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૦૬૮૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૧૩૯૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૦૪૮૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૩૧૭૯૭ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૧૬૧૧ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૬૮૦૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૮૨૪૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૫૯૯૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૭૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૮૭૫૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૫૬૪૩ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૪૦૧૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૪૦૨૦૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૪૦૧૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૩૭ પોઈન્ટ વધી ૪૦૧૭૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૪.૬ વધી રૂ.૨૯૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૦૫ ઘટી રૂ.૧૯.૨૫ના ભાવે બોલાયો હતો.

સોનું માર્ચ રૂ.૧૬૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૫.૫ ઘટી રૂ.૨૧૭૩ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૩૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૪ ઘટી રૂ.૮૬૫ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૮૭ પૈસા ઘટી રૂ.૨૪.૨૪ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૧૮ વધી રૂ.૩.૯ થયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૪.૧૫ વધી રૂ.૩૦૧.૮ના ભાવે બોલાયો હતો.

નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૫ પૈસા ઘટી રૂ.૧૯.૮૫ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬.૫ ઘટી રૂ.૩૭૭ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૪૦૮ વધી રૂ.૧૩૮૬૦ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૮૪.૪ ઘટી રૂ.૧૦૯.૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૫ પૈસા વધી રૂ.૨૪.૫૫ થયો હતો.

સોનું માર્ચ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૪૪ ઘટી રૂ.૨૪૩૭ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૩૭.૫ ઘટી રૂ.૫૯૪ના ભાવે બોલાયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪૮ પૈસા ઘટી રૂ.૨૦ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૮૫.૪ ઘટી રૂ.૧૧૬.૬ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૫ પૈસા વધી રૂ.૨૪.૯૫ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૦ ઘટી રૂ.૫૦૪.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૬૫૦.૫ ઘટી રૂ.૧૦૨૯૦.૫ થયો હતો.

# હિન્દુ યુવતી અને મુસ્લીમ યુવક ને લગ્ન કરવા હાઈકોર્ટે આપી મંજુરી : સ્પેશ્યલ મેરેજ એકટ હેઠળ આપ્યો ચુકાદો

## યુવતીની ઈચ્છા જાણ્યા બાદ કોર્ટ નો હુકમ : યુવતીની આર્થિક સુરક્ષા માટે ૩ લાખ જમા કરાવવા હુકમ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટે સ્પેશ્યલ મેરેજ એકટ હેઠળ એક મહત્વનો ચુકાદો આપ્યો છે. હેબિયર્સ કોર્પસ અરજી પર હિન્દુ યુવતી અને મુસ્લીમ યુવકનો લગ્ન કરવા હાઈકોર્ટે મંજુરી આપી છે. આ સાથે યુગલ ભવિષ્યમાં અલગ થાય તો યુવતીની સુરક્ષા માટે રૂપીયા ૩ લાખ જમા કરાવવા પણ કોર્ટે હુકમ કર્યો છે.

મહેસાણા જિલ્લાની હિન્દુ યુવતી અને મુસ્લીમ યુવકને સ્પેશ્યલ મેરેજ એકટ હેઠળ લગ્ન કરવા હાઈકોર્ટે મંજુરી આપી છે.

હેબિયસ કોર્પસ અરજી પર ગુજરાત હાઈકોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. યુવતીને હાઈકોર્ટમાં રૂબરૂ હાજર રાખી તેણીની ઈચ્છા જાણ્યા બાદ કોર્ટે આ હુકમ કર્યો છે. યુવકે સ્પેશ્યલ મેરેજ એકટ હેઠળ લગ્ન કરવા તૈયારી દર્શાવી હતી. આ સાથે યુગલ ભવિષ્યમાં અલગ


હેબિયસ કોર્પસની અરજી પર હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદો

થાય તો યુવતીની સુરક્ષા માટે રૂપીયા ૩ લાખ જમા કરાવવા પણ કોર્ટે હુકમ કર્યો છે. યુવક -યુવતી સાથે રહેતા હોવાથી પરીવારે અલગ કરાવતા યુવકે યુવતીની કસ્ટડી માટે હાઈકોર્ટ માં અરજી કરી હતી.

મહેસાણા જિલ્લામાં અલગ અલગ ધર્મના ૨૨ વર્ષીય યુવક અને ૨૧ વર્ષીય યુવતી સાથે રહેતા હતા. તેઓને અલગ કરવામાં આવ્યા હતા અને યુવતીને બનાસકાંઠા જિલ્લાના પાલનપુર સ્થિત મહિલા સંરક્ષણ ગૃહમાં રાખવામાં આવી હતી. યુવકે આ મુદ્દે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી, યુવકે તેની પાર્ટનર ની કસ્ટડી માગી હતી અને કોર્ટ ને જણાવ્યુ હતુ કે તેઓ લગ્ન કરવા ઈચ્છે છે, હાઈકોર્ટે યુવતીની ઈચ્છા જાણવા માટે તેને કોર્ટમાં બોલાવી હતી, હાઈકોર્ટે ભવિષ્યમાં કોઈ કમનસીબ પરીસ્થિતિ ઉભી થાય તો યુવતીની આર્થિક સુરક્ષા જોખમમાં હોવાની ચિંતા વ્યકત કર્યા બાદ યુવકને ૩ લાખ રૂપીયા જમા કરાવવાની તૈયારી દર્શાવતુ સોંગદનામુ ફાઈલ કરવા જણાવ્યુ હતું. તેણે કહ્યુ હતુ કે તે સ્પેશ્યલ મેરેજ એકટ હેઠળ લગ્ન કરવા અને તે માટેની તમામ કાનુની જરૂરીયાતોનુ પાલન કરવા તૈયાર છે. તેણે એવી પણ બાંહેધરી આપી હતી કે તે તેની ક્ષમતા અને સાધનો મુજબ તેના ભરણપોષણ, રહેઠાણ અને જીવનની તમામ જરૂરીયાતો પુરી પાડશે, તે યુવતી સાથે ગરીમા અને સન્માન સાથે વર્તશે અને તમામ બાબતોમાં તેની સુખાકારી સુનિશ્ચિત કરશે, હાઈકોર્ટે યુવકને રાષ્ટ્રીયકૃત બેંક માં રકમ જમા કરાવવાનો નિર્દેશ આપ્યો હતો. પરંતુ યુવતીનુ બેંકમાં ખાતુ ન હોવાથી હાઈકોર્ટે રજીસ્ટ્રી ને તેના નામે ખાતુ ખોલવા અને ફીકસ્ડ ડીપોઝીટનુ વ્યાજ સમયાંતરે તેના ખાતામાં જમા કરાવવા નિર્દેશ આપ્યો હતો. કોર્ટે વધુમાં જણાવ્યુ હતુ કે સ્પષ્ટ છે કે જો ભવિષ્યમાં આ કપલ અલગ થાય તો ૩ લાખ રૂપીયાની પુરેપુરી રકમ તેની આર્થિક સુરક્ષા માટે તેને સોંપી દેવામાં આવશે.

હાઈકોર્ટે વધુમાં યુવકને લગ્નનો ઈરાદો હોવાની નોટીસ આપવા અને ૬ અઠવાડીયાના ગાળામાં આખી પ્રક્રિયા પુર્ણ કરવા નિર્દેશ આપ્યો હતો.

કોર્ટ સંબંધિત સરકારી અધિકારીઓને પણ નિર્દેશ આપ્યો હતો કે અરજદાર અને પ્રતિવાદીની લગ્નની અરજી પર પ્રક્રિયા કરે અને ખાત્રી કરે કે તમામ જરૂરીયાતો પૂર્ણ થાય અને કાયદા અનુસાર લગ્ન સંપન્ન થાય, હાઈકોર્ટે આ મામલે વધુ સુનાવણી ૨૪ એપ્રિલ પર મુલત્વી રાખી છે અને યુવતીને અમદાવાદના મહિલા સંરક્ષણ ગૃહમાં રહેવાનુ ચાલુ રાખવા નિર્દેશ આપ્યો છે. તેને લગ્નની નોંધણીની વિધિઓ પુરી કરવા માટે અરજદાર યુવક સાથે જવાની મંજુરી આપવામાં આવી છે. કોર્ટ સંબંધિત સત્તાધિકારીઓને તેને જન્મનુ પ્રમાણપત્ર અને સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ પુરા પાડવા માટે પણ નિર્દેશ આપ્યો છે.

# ગેસની પળોજણઃ ગેસ લેવા માટે લાઈનમાં ઉભી રહેલી મહિલા ધોમધખતા તાપમાં બેભાન થઈ ઢળી પડી

પ્રતિનિધિ,ગાંધીનગર

મીડલ ઈસ્ટ ના દેશોમાં યુદ્ધની સ્થિતિ વચ્ચે ગુજરાતમાં ગેસ પુરવઠાને લઈને આમ જનતાની મુશ્કેલી વધી રહી છે. ઘરગથ્થુ ગેસ ના સીલીન્ડર મળશે કે નહી તે અંગે નાગરીકો દ્વિધામાં મુકાયા છે. જેના કારણે હાલ ગુજરાતના મોટા શહેરોમાં રાંધણ ગેસના સીલીન્ડર લેવા માટે ગેસ એજન્સીઓ બહાર લાંબી લાઈનો લાગી છે. આવી કાળઝાળ ગરમીમાં અને ધોમધખતા તાપમાં ગૃહિણીઓ સહીત વૃધ્ધો પણ ખાલી ગેસ સીલીન્ડર સાથે લાઈનોમાં ઉભા રહે છે. ત્યારે આવી પરીસ્થિતિમાં ધોમધખતા તાપમાં ઉભેલી એક મહિલા બેભાન થઈને જમીન પર ઢળી પડી હોવાની ઘટના હાલમાં બહાર આવી છે.



વડોદરામાં આજે ગુરૂવારે સવારે ૮ વાગ્યા થી ૫૦૦ થી વધુ ગેસ એજન્સીઓની બહાર લોકો લાઈનમાં ઉભા જોવા મળ્યા હતા. ઘરે ગેસના બાટલા નોંધાવ્યા બાદ પણ ન આવતા લોકોએ નોકરી ધંધા છોડીને લાઈનમાં ઉભા રહ્યા હતા. ત્યારે આ લોકોમાં અંદરો અંદર ઝઘડા થવાના દ્રશ્યો સર્જાયા હતા. આ વચ્ચે એક મહિલા થોડી મીનીટો માટે કાળઝાળ ગરમી અને ધોમધખતા તાપના પગલે જમીન પર પટકાઈ હતી. જો કે તાત્કાલીક લાઈનમાં ઉભેલા અન્ય લોકોએ પાણી છાંટતા મહિલા ભાનમાં આવી હતી. ત્યારબાદ હાઈ વોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. આ તરફ ઈરાન યુદ્ધ ને કારણે ગેસ સંકટ વચ્ચે અમદાવાદના ગેસના ગોડાઉન અને એજન્સીઓ પર પણ લાંબી કતારો જોવા મળી હતી. અમદાવાદના અસારવામાં પણ ગેસ સીલીન્ડર માટે એજન્સીઓની બહાર લાંબી લાઈનો જોવા મળી હતી. લોકો ૪૦ થી ૪૨ ડીગ્રી તાપમાનમાં ઉભા રહ્યા હતા અને ભારે હાલાકીનો સામનો કરી રહ્યા હતા. તો બીજી તરફ દાહોદ અને ઝાલોદમાં પણ ગેસના બાટલા માટે હાહાકાર મચ્યો હતો. ઝાલોદની ઈન્ડીયન ગેસ એજન્સી ખાતે ગેસ બોટલ માટે ગ્રાહકોની ભારે પડાપડી જોવા મળી હતી. છેલ્લા ચાર દિવસથી ગેસની ગાડી ન આવતા ગ્રાહકોને ભારે મુશ્કેલીમાં મુકાવુ પડયુ હતું. બુકીંગ કરાવ્યા છતાં ગેસ બોટલ ન મળતા અનેક ગ્રાહકો નારાજ થઈને પરત ફરવા મજબુર બન્યા હતા. ઉપરાંત ઓનલાઈન ગેસ બુકીંગ નો સર્વર પણ ઠપ થઈ જતા મુશ્કેલીઓમાં વધારો થયો હતો. ઝાલોદ ઈન્ડીયન ગેસ એજન્સી પાસે અંદાજે કુલ ૪૧ હજાર થી વધુ ગ્રાહકો છે. પરંતુ ગેસનો પુરવઠો ઓછો પડતા સ્થિતિ ગંભીર બની હતી. ગેસના બોટલ ન મળતા ગ્રાહકોમાં ભારે રોષ ફાટી નિકળ્યો હતો અને લોકો રોજ કામ ધંધો છોડીને ગેસ માટે એજન્સી અને ગોડાઉન સુધી દોડી રહ્યા છે.

# સાબરકાંઠા જિલ્લાના નવલપુર ખાતેથી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જિલ્લાને રૂ.૭૨ કરોડના ૧૯૯૯ વિકાસ કામોની આપી ભેટ

## મુખ્યમંત્રી સાબરકાંઠા જિલ્લામાં કરોડો રૂપીયાના વિકાસ કામોની ભેટ આપવાના હોય ત્યારે જિલ્લા સાંસદની ગેરહાજરી આંખે વળગી : સાંસદના પતિએ કેમેરામાં હાજરી પુરાવી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના વિકાસમાં એક નવુ સોપાન ઉમેરતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તલોદ તાલુકાના આદર્શ ગામ નવલપુર ખાતે થી અંદાજે રૂપીયા ૭૨ કરોડના કુલ ૧૯૯૯ જેટલા વિવિધ વિકાસ કામોનુ લોકાર્પણ અને ખાતમુહુર્ત કર્યુ હતું. સાથો સાથ મુખ્યમંત્રી એ નવલપુર ગ્રામ પંચાયતના નવા બિલ્ડીંગ તેમજ ગામના અમૃત સરોવર સ્થિત સરદાર પટેલના પ્રતિમાનુ અનાવરણ કર્યુ હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી સ્પષ્ટપણે જણાવ્યુ હતુ કે ગુજરાત સરકાર પાસે વિકાસના કામો માટે નાણાંની કોઈ કમી નથી અને સરકાર છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોચાડવા મનમુકીને ખર્ચ કરી રહી છે. તેમણે અધિકારીઓ અને નાગરીકોને આહવાન કર્યુ હતુ કે સરકારી કામને પોતાનુ સમજી ને કરવામાં આવે તો તેની ગુણવત્તા અને આયુષ્ય આપોઆપ વધી જાય છે. મુખ્યમંત્રીએ નવલપુર ગામને ગ્રામીણ વિકાસનુ ઉત્તમ ઉદાહરણ ગણાવતા જણાવ્યુ હતુ કે આ ગામમાં સરપંચ થી લઈને



તમામ સભ્યો મહિલાઓ છે. જે મહિલા સશકિતકરણનુ શ્રેષ્ઠ ઉદાહરણ પુરૂ પાડે છે. નવલપુરે સમરસ ગામના વિચારને ચરીતાર્થ કરવાની સાથે પાણીના મીટર જેવી આધુનિક સુવિધાઓ અને ૧૦૦ ટકા સોલાર સિસ્ટમ અપનાવીને દેશને નવી રાહ ચીંધી છે.

શિક્ષણ ક્ષેત્રે નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાની સફળતાના કારણે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓમાં ૧૯ ટકાનો વધારો થયો હોવાનુ પણ મુખ્યમંત્રીએ નોંધ્યુ હતું. મુખ્યમંત્રીએ ઓછુ વજન ધરાવતી સગર્ભા માતાઓ માટેના લાલન પાલન કાર્યક્રમ અને બાળકોમાં ટાઈપ-૧ ડાયાબીટીસ નિયંત્રણ માટેની કામગીરીની પણ સરાહના કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે આરોગ્ય ક્ષેત્રની આ બંને પહેલોમાં શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રતિષ્ઠિત સ્કોચ એવોર્ડ એનાયત થયો હતો. જે જિલ્લા માટે ગૌરવની બાબત છે.

શિક્ષણમંત્રી ડો.પ્રદ્યુમન વાજાએ આ અવસરે નવલપુરને સમરસ, સ્વચ્છ અને સોલાર ગામ તરીકે બિરદાવતા જણાવ્યુ હતુ કે આ ગામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને ચરીતાર્થ કર્યુ છે. તેમણે રૂપીયા ૮ કરોડના ખર્ચે નિર્મિત સાયન્સ પાર્કને આવનારી પેઢી માટે વિજ્ઞાનનુ જીવંત કેન્દ્ર ગણાવ્યુ હતું. જે બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવામાં મદદરૂપ થશે. મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતુ કે રાજય સરકાર છેવાડાના બાળકો સુધી શ્રેષ્ઠ શિક્ષણ પહોચાડવા કટીબધ્ધ છે અને જિલ્લામાં રૂપીયા ૫૧૮ લાખ ના ખર્ચે ૨૬ નવીન વર્ગ ખંડોનુ નિર્માણ આ દિશાનુ મક્કમ પગલુ છે. તેમણે નાગરીકોને સરકારી મિલ્કતને પોતાની મિલ્કત સમજી ને તેની જાળવણી કરવા પણ અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ના હસ્તે કુલ ૧૯૯૯ જેટલા કામોનુ લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવ્યુ છે. જેમાં વાહન વ્યવહાર વિભાગના રૂપીયા ૧૩૯૦ લાખ ના કામો અને સામાન્ય વહિવટ વિભાગના રૂપીયા ૩૬૬૭ લાખ ના કામોનો સમાવેશ થાય છે. નવાઈની વાત તો એ છે કે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાબરકાંઠા જિલ્લાને કરોડો રૂપીયાના વિકાસ કામોની ભેટ આપવાના હતા ત્યારે સાંસદ ગેર હાજર કેમ રહ્યા તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે. તો બીજી તરફ સાંસદની ગેરહાજરીમાં પણ પતિદેવે હાજરી પુરાવતા ચર્ચાનો વિષય બનવા પામ્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય રમણલાલ વોરા, રાજય નાણાંપંચના સભ્ય જે ડી પટેલ, જિલ્લા પ્રમુખ કનુભાઈ પટેલ, કલેકટર શ્રી લલીત નારાયણ સિંધ સાંદુ, જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા, પોલીસ અધિક્ષક ડો.પાર્થરાજસિંહ ગોહિલ અને નિવાસી અધિક કલેકટર સુ.શ્રી કિષ્ણા વાઘેલા સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા જિલ્લાના સલાલ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ટ્રોપીક ઓફ કેન્સર સાયન્સ પાર્ક નુ કર્યુ ઉદ્‌ઘાટન

## અંદાજીત રૂપીયા ૮ કરોડના ખર્ચે ૫૯૩૦ ચો.મી.ના વિસ્તારમાં ટ્રોપીક ઓફ કેન્સર સાયન્સ પાર્ક વિકસાવવામાં આવ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જીલ્લાના વિવિધ વિકાસલક્ષી કામોના ખાતમુહુર્ત લોકાર્પણ પ્રસંગે પધારેલા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સાબરકાંઠા જિલ્લાના સલાલ ખાતે ટ્રોપીક ઓફ કેન્સર સાયન્સ પાર્કનુ ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયા, શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજા, ધારાસભ્ય રમણલાલ વોરા સહિત ઉપસ્થિત રહ્યા હતા. આ તકે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ટ્રોપીક ઓફ કેન્સર સાયન્સ પાર્ક ની મુલાકાત લઈ પાર્કના ભૌગોલીક અને ખગોળશાસ્ત્રીએ મહત્વ વિશે જાણકારી મેળવીને વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો. ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી એ કર્કવૃત્ત ના વૈજ્ઞાનિક મહત્વ વિશે જાગૃતિ અને સમજણ લાવવા અને વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંશોધકો અને સામાન્ય નાગરીકો માટે તેને એક મહત્વપૂર્ણ શૈક્ષણિક અને સંશોધન બિંદુ તરીકે વિકસાવવાના ઉદેશ સાથે ટ્રોપીક



ઓફ કેન્સર સાયન્સ પાર્ક વિકસાવ્યો છે. જિલ્લાના હિંમતનગર સલાલ હાઈવે પર સલાલ ખાતે અંદાજીત રૂપીયા ૮ કરોડના ખર્ચે ૫૯૩૦ ચો. મી. ના વિસ્તારમાં ટ્રોપીક ઓફ કેન્સર સાયન્સ પાર્ક વિકસાવવામાં આવ્યો છે. જે સ્થાન પરથી કર્કવૃત્ત પસાર થાય છે, આ પાર્કની કલ્પના કર્કવૃત્ત ના ભૌગોલીક અને ખગોળશાસ્ત્રીય મહત્વને પ્રકાશિત કરવા અને મુલાકાતીઓને પૃથ્વી / સુર્ય સંબંધો , ઋતુગત ફેરફારો અને સંબંધીત વૈજ્ઞાનિક ઘટનાઓને સમજવાની આકર્ષક તકો પુરી પાડવા માટે કરવામાં આવી છે. રાષ્ટ્રીય ધોરી માર્ગ ૪૮ પર સ્થિત હોવાથી ટ્રોપીક ઓફ કેન્સર સાયન્સપાર્ક તમામ મુલાકાતીઓ માટે વૈજ્ઞાનિક કારણ, વિજ્ઞાન પર્યટન ના કેન્દ્ર તરીકે સેવા આપશે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા તમામ શાળાઓ, કોલેજો અને યુનિર્વસિટીના વિદ્યાર્થીઓના ટ્રોપીક ઓફ સાયન્સ પાર્કની મુલાકાત લેવા આમંત્રણ આપવામાં આવ્યુ છે. સાયન્સ પાર્ક આજે સવારે ૯ વાગ્યા થી ૬ વાગ્યા સુધી ખુલ્લો રહેવા પામ્યો હતો. આ તકે ટ્રોપીક ઓફ કેન્સર સાયન્સ પાર્કના પ્રાંગણમાં મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કર્યુ હતું.

### વર્ષ ૨૦૧૭ માં ડેપ્યુટી કમિશનર બંકિમ દેસાઈ એ સફાઈ કામદાર બેલદાર અને સફાઈ કામદારોની ભરતી કરી હતી

# સુરત મહાનગરપાલિકામાં દશ હજાર કરતા વધુ જગ્યાઓ ખાલી !! જેમાં ૬૦૦૦ કરતાં વધુ જગ્યા તો સફાઈ કામદાર, બેલદારો ની ખાલી

### સુરત શહેરમાં રોગચાળો ફાટી નીકળે તો તેના માટે હાલમાં નિવૃત થયેલા મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને કોર્પોરેટરો જવાબદાર

(છગનલાલ મેવાડા દ્વારા) સુરત સુરત મ.ન.પા મા આજ રોજ અધિકારી વર્ગ અને ટેકનિકલ કલાર્ક વિગેરેની જગ્યા ભરવા માટે જ જાહેરાત બહાર પાડેલ છે તે બદલ સુરત મ.ન.પા ના કમિશ્નર નાગરાજન ને ખૂબખૂબ અભિનંદન. સુરત મ.ન.પા માં આશરે ૦૯ વર્ષ કરતાં વધુ સમયથી સફાઈ કામદાર, બેલદાર, કલાર્ક, ટેકનિકલ આસિસ્ટન્ટ, ડ્રાઈવર, સ્ટાફ નર્સ,જુનિયર ફાર્માસીસ્ટ, મેઈન્ટેનન્સ આસિસ્ટન્ટ, માર્શલ (વોચ એન્ડ વોર્ડ), ટાઉન પ્લાનર, મેડિકલ ઓફિસર, આસિસ્ટન્ટ ઈજનેર, લેબોરેટરી ટેક્નિશિયન, ઝૂકીપર વિગેરે ની જગ્યાઓ ખાલી હોવા છતાં લાંબા સમયથી ભરતી કરવામાં આવતી ન હતી. સુરત મહાનગરપાલિકા આ જગ્યાઓ ભરે તે માટે જાગૃતિ દાખવીને હવે કર્મચારીઓના હિતમા જાગૃત બનેલા ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસ દ્વારા સુરત મ.ન.પા ના કમિશ્નર, મેયર, અને સ્ટેન્ડિંગ કમિટી ના ચેરમેન ને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી છતાં પથ્થર ઉપર પાણી એમ નઘરોળ શાસકો દ્વારા આ બાબતનો કોઈ કાર્યવાહી આજ દિન સુધી કરવામાં આવી નહીં હોવાથી આખરે આ યુનિયન દ્વારા તબક્કા વાર રજૂઆત કરવામાં આવેલ હતી.

જેમાં અનુક્રમે તા.૦૪/૦૭/ ૨૦૨૪, તા.૦૩/૦૧/૨૦૨૫, તા.૨૭/૧૧/૨૦૨૫, તા.૨૪/૧૨/ ૨૦૨૫ ના રોજ લેખિત –મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં જાણે કે સુરત મ.ન.પા ના મેયર, ડે.મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ના ચેરમેન વિગેરે કર્મચારી/ અધિકારીઓની ભરતી અટકાવી રાખી હોય તેમ તેઓની મુદત પૂરી થતાં જ ભરતીની જાહેરાત પ્રસિદ્ધ થયેલ છે. સુરત મ.ન.પા.એ વર્ગ-૧, ૨, ૩, કલાર્ક, ટેકનિકલ આસિસ્ટન્ટ, ડ્રાઈવર, સ્ટાફ નર્સ,જુનિયર ફાર્માસીસ્ટ, મેઈન્ટેનન્સ આસિસ્ટન્ટ, માર્શલ (વોચ એન્ડ વોર્ડ), ટાઉન પ્લાનર, મેડિકલ ઓફિસર, આસિસ્ટન્ટ ઈજનેર, લેબોરેટરી ટેક્નિશિયન, ઝૂકીપર વિગેરેની જગ્યા ભરવા જાહેરાત આપવામાં આવેલ છે ત્યારે સફાઈ કામદાર, બેલદારો ,આયા, વોર્ડબોય વિગેરે જગ્યાની ભરતી કરતાં કોણ અટકાવી રહ્યું છે? આ જગ્યા ની ભરતી કરવા તાત્કાલિક જાહેરાત બહાર પાડવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

સુરત મ.ન.પા ના વિસ્તારમાં ઘણો જ વધારો થયેલ છે પરંતુ સફાઈ કામની અગત્યની કામગીરી કરતા સફાઈ કામદારો અને બેલદારો ની ૬૦૦૦ કરતા વધુ જગ્યાઓ ખાલી છે . વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ ના કર્મચારીઓની ૪૦૦૦ કરતાં વધુ જગ્યાઓ ખાલી છે. શહેરનો વિસ્તાર વધે તેમ કર્મચારીઓની સંખ્યામાં વધારો કરવો જોઈએ. વર્ષ ૨૦૨૨ માં સામાન્ય સભાએ ઠરાવ કરી ૧૫૦૦ જેટલી જગ્યાઓ સફાઈ કામદાર અને બેલદાર અને બીજા કર્મચારીઓ/ અધિકારીઓ ની ભરતી કરવાનો ઠરાવ પસાર કરેલો. પરંતુ એ ઠરાવનો પણ આજદિન સુધી સમખાવા પુરતો પણ અમલ કરવામાં આવ્યો નથી. ચૂંટાયેલા કોર્પોરેટરો માત્ર અને માત્ર પોતાના કામોમાં રસ લેતાં હતાં. સુરત મહાનગરપાલિકાએ કોન્ટ્રાક્ટ ના સફાઈ કામદારો, ડ્રાઈવરો, કોમ્પ્યુટર ઓપરેટર, અને નર્સિંગ સ્ટાફ ના જે પગારો નક્કી કર્યા તેનાથી અડધો પગાર પણ કર્મચારીઓને કોન્ટ્રાક્ટર આપતા નથી. મ.ન.પા ના અધિકારીઓ અને પદાધિકારીઓની એ મજબૂરી રહી છે કે કોન્ટ્રાક્ટર ને પૂછી શકતા નથી. કર્મચારીઓ ના ઓછા પગાર અંગે રજૂઆત કરવામાં આવે તો અધિકારીઓ પદાધિકારીઓના મોઢા પડી જતાં અને કોન્ટ્રાક્ટરો થી ગભરાતા હોય તેમ વાત ને ટાળી દેતા.

સુરત મહાનગરપાલિકાના ઈ.ચા.પર્સોનેલ ઓફિસર મધ્યસ્થ મહેકમ ના પત્ર નં. જીએડી/એસ્ટી/ પી/યુ/૮૦, તા.૦૩/૦૮/૨૦૨૪ મુજબ કોમ્પ્યુટર ઓપરેટર, ડ્રાઈવર,નર્સ, વોર્ડ બોય, આયા, સફાઈ કામદારો નો સુરત મ.ન.પા દ્વારા ચૂકવાતો પગાર અનુક્રમે ૧૯૩૦૦/- ,૧૯૦૮૦/-,૨૨૬૦૧/-,૧૯૫૦૫/- ,૧૯૫૦૫/-,૧૯૫૦૫/- છે. પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા ચૂકવાતો પગાર અનુક્રમે ૯૦૦૦/-,૯૦૦૦/- ,૧૫૦૦૦/-,૯૦૦૦/-,૯૦૦૦/- ,૯૦૦૦/- છે. આ અંગે યુનિયનો દ્વારા વારંવાર આ શોષણ પધ્ધતિનો વિરોધ કરવા છતાં કર્મચારીઓનું આર્થિક શોષણ ચાલુ રહેલ છે અને કર્મચારીઓને જે રકમ મળે તેના કરતાં કોન્ટ્રાક્ટરો ને વધુ રકમ મળે છે. આ બધી હકીકત અધિકારીઓ અને પદાધિકારીઓ વાકેફ હોવા છતાં કોન્ટ્રાક્ટર સામે પગલાં લેવામાં નિષ્ફળ ગયેલ છે. ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભાઈલાલ બી. વૈષ્ણવ, મહામંત્રી કાંતિભાઈ સોલંકી, અખિલ ભારતીય સફાઈ મજદૂર ના અધ્યક્ષ શશિકાંતભાઈ સોલંકી, સુરત મ્યુનિસિપલ એમ્પલોઈઝ (સ્ટાફ) ના પ્રમુખ મોહમંદ ઈકબાલ શેખ અને મહામંત્રી દેવેન્દ્ર પ્રજાપતિ વિગેરે એ સુરત મ.ન.પા ની તમામ ખાલી જગ્યાઓ ભરવા માટે માંગણી કરી છે.

# હવે સરકારી કર્મચારીઓના ભાઈ-બહેનોને પણ મળશે મફત સારવારઃ સરકારે બદલી કુટુંબની વ્યાખ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત સરકાર આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજયના લાખો કર્મચારીઓના હીત માં એક મહત્વપૂર્ણ સુધારો કરવામાં આવ્યો છે. ગુજરાતના લાખો સરકારી કર્મચારીઓ અને તેમના પરીવારો માટે રાજયના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગે એક અત્યંત મહત્વપૂર્ણ અને સંવેદનશીલ નિર્ણય લીધો છે. અત્યાર સુધી સરકારી કર્મચારીઓને મળતી મફત તબીબી સારવાર અથવા મેડીકલ રીઈમ્બર્સમેન્ટ નો લાભ માત્ર પતિ પત્ની , બાળકો અને માતા પિતા પુરતો જ મર્યાદીત હતો. પરંતુ હવે સરકારે આ નિયમોમાં મોટો સુધારો કરીને કર્મચારી પર નિર્ભર એવા ભાઈ બહેનોને પણ આ સુરક્ષા કવચમાં આવરી લીધા છે. શું ફેરફાર કરવામાં આવ્યુ તે અંગેના પુછેલા પ્રશ્નના જવાબમાં સુત્રોએ કહ્યુ હતુ કે ગુજરાત રાજય સેવા (તબીબી સારવાર) નિયમોમાં કરવામાં આવેલા આ ફેરફાર થી એવા હજારો પરીવારોને આર્થિક ટેકો મળશે, જયાં કર્મચારીના અપરીણીત અથવા આર્થિક રીતે નબળા ભાઈ બહેનો તેમની સાથે રહેતા હોય, સરકારના આ પગલાને મધ્યમ વર્ગીય કર્મચારીઓ માટે માંદગીના સમયે આશીર્વાદ સમાન ગણવામાં આવી રહ્યો છે. નવા નિયમો મુજબ હવે કર્મચારીના પરીવારની વ્યાખ્યા વધુ વ્યાપક બની છે. જેનાથી તબીબી ખર્ચનો મોટો બોજ હળવો થશે, નવી વ્યાખ્યામાં કુટુંબમાં કોનો કોનો સમાવેશ થશે ત્યારે સુત્રોએ જણાવ્યુ હતુ કે રાજય સરકારે વરસો જુની કુટુંબની વ્યાખ્યાને રદ કરીને તેને નવુ સ્વરૂપ આપ્યુ છે. નવી વ્યાખ્યા મુજબ પતિ અથવા પત્ની, બાળકો, માતા- પિતા, ભાઈ-બહેન અને દત્તક સંતાનને તબીબી સારવારનો લાભ મળશે.

જો કે તેઓ સરકારી કર્મચારી સાથે રહેતા હોવા જોઈએ અને તેમના પર આર્થિક રીતે આશ્રિત હોવા જોઈએ. નિર્ભર કોને ગણવામાં આવશે તે અંગેના પુછેલા પ્રશ્નના જવાબમાં કહ્યુ હતુ કે ભાઈ-બહેન કે અન્ય સભ્યોને આ લાભ મળે તે માટે સરકારે આર્થિક નિર્ભરતાની શરત પણ સ્પષ્ટ કરી છે. જો પરીવારના સભ્યની તમામ સ્ત્રોતો (જેમ કે પેન્શન કે અન્ય આવક) માં થી થતી કુલ માસિક આવક રૂપીયા ૫૦૦ થી વધુ ન હોય, તો જ કર્મચારી પર આશ્રિત ગણાશે, આ મર્યાદાની અંદર આવતા સભ્યો જ સરકારી હોસ્પીટલો કે માન્ય હોસ્પીટલોમાં મફત સારવાર મેળવવા પાત્ર ઠરશે, કર્મચારી સંગઠનોમાં ખુશીની લહેર જોવા મળી છે. આરોગ્ય વિભાગના આદેશ મુજબ આ નવો સુધારો તાત્કાલીક અસર થી સમગ્ર રાજયમાં અમલી બનાવી દેવામાં આવ્યો છે. આ નિર્ણય ની જાહેરાત થતા જ રાજયના વિવિધ કર્મચારી મંડળોએ સરકારના આ નિર્ણયને આવકાર્યો છે. ખાસ કરીને સંયુકત પરીવારમાં રહેતા કર્મચારીઓ માટે આ નિર્ણય આર્થિક રીતે ખુબ જ ફાયદાકારક સાબિત થશે.

# આદિવાસી વિસ્તારોમાં આરોગ્ય સુવિધા મજબુત બનાવવા આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાની અધ્યક્ષતામાં મહત્વની બેઠક

પ્રતિનિધિ,ગાંધીનગર



ગાંધીનગર ખાતે આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાની અધ્યક્ષતામાં ગુજરાતના આદિવાસી જિલ્લાઓમાં આરોગ્યના સુચકાંકો સુધારવા માટે એક મહત્વપૂર્ણ સમિક્ષા બેઠક યોજાઈ હતી. રાજય સરકારનો મુખ્ય ઉદેશ ભૌગોલીક પડકારો ધરાવતા આદિવાસી વિસ્તારોમાં વસતા છેવાડાના માનવી સુધી આધુનિક અને ગુણવત્તા યુકત તબીબી સેવાઓ પહોચાડવાનો છે. આ બેઠકમાં સરકારી તંત્રની સાથે વૈશ્વિક અને સ્થાનિક નિષ્ણાંત સંસ્થાઓના સહયોગ અંગે વિસ્તૃત પરામર્શ કરવામાં આવ્યો હતો. મંત્રીએ આદિવાસી સમુદાયોમાં વરસોથી પ્રવર્તતા કેટલીક જટીલ સ્વાસ્થ્ય પ્રશ્નોના કાયમી નિરાકરણ માટે સમુદાય કેન્દ્રીત અભિગમ અપનાવવા પર ભાર મુકયો હતો. બેઠકમાં મુખ્યત્વે કેટલાક મુદ્દાઓનુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ હતું. જેમાં (૧) શીશુ મૃત્યુદર અને માતા મૃત્યુદર ઘટાડવા માટે સઘન આયોજન (૨) કુપોષણ અને એનીમીયા જેવી ગંભીર સમસ્યાઓ દુર કરવા માટે પોષણક્ષમ આહાર અને જાગૃતિ(૩) અંતરીયાળ વિસ્તારોમાં ટેલી-મેડીસીન અને નવીન તબીબી ઉપકરણો દ્વારા સેવાઓનુ વિસ્તરણ.

### આદિવાસી વિકાસ માટે ફાળવાયેલ બજેટ ખૂબ ઓછું હોવાનો AAP ધારાસભ્ય ચૈતર વસાવાનો સરકાર પર આક્ષેપ

# આદિવાસી વિસ્તારોમાં રોડ, આંગણવાડી, કુપોષણ ખોટા સર્ટિફિકેટ નર્મદાના પાણી મુદ્દે ધારાસભ્ય ચૈતર વસાવાએ વિધાનસભામાં સરકારને ઘેરી

### આદિવાસીની જમીનો વિકાસના નામે લેવામાં આવી રહી છે, ગ્રામસભાની મંજૂરી વગર પ્રોજેક્ટ ન થાય તેવી માંગઃ ચૈતર વસાવા

અમદાવાદ/ભરૂચ/

આજે વિધાનસભા ખાતે આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, આજે વિધાનસભામાં આદિજાતિ વિકાસ મંત્રી માંગણીઓ લઈને આવ્યા હતા તો એ ચર્ચામાં મેં ભાગ લીધો હતો. મેં આ દરમિયાન સરકારનું ધ્યાન દોર્યું કે ગુજરાતમાં ૧ કરોડ ૨૫ લાખ આદિવાસી લોકો વસી રહ્યા છે અને એમણે પોતાનો પરસેવો પાડીને ગુજરાતના વિકાસમાં યોગદાન આપ્યું છે પરંતુ જ્યારે બજેટની વાત આવી ત્યારે ફક્ત ૫૪૨૫ કરોડની આદિજાતિ વિકાસ ફંડની જોગવાઈ કરવામાં આવી છે, જે ખૂબ જ ઓછી છે. કેન્દ્રીય આયોજન પંચ એવું કહે છે કે ૧૫ ટકા આદિજાતિ વસ્તી સામે ૧૭.૫૭ ટકા ફંડની જોગવાઈ હોવી જોઈએ એની જગ્યાએ ફક્ત ૧.૩૫ ટકા બજેટ ફાળવવામાં આવ્યું છે. આના પરથી દેખાઈ રહ્યું છે કે સરકારને આદિવાસી લોકોની કેટલી ચિંતા છે. આજ રીતે ૨૦૨૪-૨૫ માં ૪,૩૭૩ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી, અને એમાંથી ૩,૩૭૩ કરોડ જ વાપરવામાં આવ્યા અને બાકી બચેલા ૧૦૦૦ કરોડ ક્યાં પડ્યા છે તેની કોઈ માહિતી નથી. એક બાજુ આદિવાસી વિસ્તારોમાં આંગણવાડીઓ નથી, સારા રોડ રસ્તા નથી, કુપોષણથી બાળકો પીડાઈ રહ્યા છે. સિકલ સેલની સમસ્યાથી અનેક બાળકો પીડાય છે, આવી અનેક સમસ્યાઓ હોવા છતાં પણ સરકાર આદિજાતિ વિકાસનું બજેટ બીજી જગ્યાએ વાપરે છે. તો એ બજેટ ટ્રાઈબલ સબપ્લાનના માધ્યમથી આદિવાસી લોકો માટે વપરાય એની અમે રજૂઆત કરી છે.

વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવા જણાવ્યું હતું કે, એ જ પ્રમાણે ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત અમે ખેડૂતોને ખેતીવાડીના બોર કરી આપતા હતા, દુધાળા પશુઓ આપતા હતા, એ ગુજરાત પેટર્ન યોજનામાં ગત વર્ષે એક હજાર કરોડની ફાળવણી કરવામાં આવી હતી, ત્યારે આ વર્ષે ફક્ત ૨૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. સાથે સાથે અમે રજૂઆત કરી કે સરકારે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ મેનેજમેન્ટ અને વેકેન્ટ કોટામાં વિદ્યાર્થીઓ છે એમની શિષ્યવૃતિ બંધ કરી છે તો એ શરૂ કરવા માટે અમે માંગ કરી છે. બીજો એક ગંભીર મુદ્દો છે કે આદિજાતિના ખોટા સર્ટિફિકેટ લઈને લાખો લોકોએ નોકરીઓ મેળવી લીધી, કેટલાક લોકો તો ચૂંટણીઓ લડીને વિધાનસભામાં પહોંચી ગયા છે અને ઘણા લોકો શિક્ષણ ક્ષેત્રે એડમિશન પણ લઈ લે છે. ૨૦૧૮માં કાયદો બન્યો, ૨૦૨૧-૨૨માં નિયમો બન્યા, પણ હજુ સુધી આવા લોકોને નોકરીમાંથી, રાજકીય ક્ષેત્રમાંથી કે શિક્ષણમાંથી બહાર કાઢવામાં આવ્યા નથી. ગુજરાત સરકારની વિભાગીય વિશ્લેષણ સમિતિ આવા લોકોને તાત્કાલિક બહાર કાઢે એવી અમે માંગ કરી છે.

વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવા જણાવ્યું હતું કે, આદિવાસીઓનો અંબાજીથી ઉમરગામનો વિસ્તાર એ શિડ્યુલ એરિયામાં આવે છે. એને બંધારણની કલમ ૧૩ (ક) અંતર્ગત રૂઢિગત ગ્રામસભાને પાવર આપવામાં આવ્યા છે. પેસા એક્ટ ૧૯૯૬ અંતર્ગત ગ્રામસભાને સર્વોપરી ગણવામાં આવી છે. મેં આજે સરકારને કહ્યું કે ચાહે અંબાજી હોય, કેવડિયા હોય, આંબા ડુંગર હોય કે નસવાડી હોય કે આવા અનેક વિસ્તારોમાં આદિવાસી લોકોની જમીન વિકાસના નામે બારોબાર લઈ લેવામાં આવે છે, તો સરકાર આ બધું અટકાવે, જ્યાં સુધી ગ્રામસભા પરવાનગી નહીં આપે, ત્યાં સુધી કોઈપણ પ્રોજેક્ટ માટે જમીનો ન લેવામાં આવે એવી અમે વિધાનસભામાં રજૂઆત કરી છે.

વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવા જણાવ્યું હતું કે, અમે મંત્રી સમક્ષ એ પણ જણાવ્યું કે વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ અંતર્ગત કાયદો બન્યો છે કે જંગલ જમીનમાં રહેતા આદિવાસી જે જમીન ખેડે છે તેમને એમના દાવાઓ આપવાના, એ જમીન એમને આપવાની. પરંતુ સરકારે શું કર્યું, એ કાયદા અંતર્ગત ઓફિસમાં બેસીને ડિવિઝન હોય, પ્રાયોજના વહીવટદાર હોય, ગીર ફાઉન્ડેશન હોય કે કલેકટર કચેરી હોય, આવી ઓફિસોમાં બેસીને કોઈને ૧૦ ગુંઠા કોઈને ૨૦ ગુંઠા જમીન આપી દીધી છે તો મેં વિધાનસભાના ગૃહમાં જણાવ્યું કે જેમનો જેટલો કબજો હોય ચાહે આઠ એકર હોય કે ૧૦ એકર હોય, એની માપણી કરીને એ જમીન આપવામાં આવે સાથે સાથે વન અધિકાર અધિનિયમ અંતર્ગત જે પેન્ડિંગ દાવાઓ છે એ સરકાર આદિવાસી લોકોને આપે એવી મેં માંગ કરી છે.

વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવા જણાવ્યું હતું કે, નર્મદા ડેમનું પાણી સુજલામ સુફલામ અંતર્ગત સૌરાષ્ટ્ર ઉત્તર ગુજરાત અને કચ્છ સુધી પહોંચાડવામાં આવ્યું છે. જ્યારે આ ડેમના વિસ્થાપિતો નર્મદા જિલ્લામાં જ વસે છે, આ સિવાય ઉકાઈ ડેમના વિસ્થાપિતો વસે છે, કરજણ ડેમના વિસ્થાપિતો ત્યાં જ વસે છે, તો આ તમામ લોકોને એમનું બાકી વળતર આપવામાં આવે અને નર્મદા ડેમનું પાણી પણ આપવામાં આવે એવી મેં ગૃહમાં માંગ કરી છે. અગાઉ મંત્રીએ જણાવ્યું હતું કે ડેડીયાપાડામાં ગંગાપુર ડેમ બનાવવા માટે માંગણી આવી છે તો તેને બનાવવા માટે અમે ઈચ્છા ધરાવીએ છીએ, ડેડીયાપાડા તો નર્મદા, ઉકાઈ અને કરજણ એમ ત્રણેય ડેમને અડીને આવ્યું છે તો એનું પાણી અમને આપવામાં આવે નહીં કે આદિવાસીઓની જમીનો લઈને, તેમને વિસ્થાપિત કરીને, નવો ડેમ બનાવીને પાણી આપવામાં આવે. આ સિવાય આદિવાસી વિસ્તારમાં આંગણવાડીઓની ઘટ છે, ઓરડાઓની ઘટ છે, કુપોષણ અને સિકલ સેલ એનીમિયાની સમસ્યા છે, તેના માટે યોગ્ય આયોજન કરીને આદિજાતિ વિકાસનું બજેટ વાપરવામાં આવે એવી અમે સરકારમાં રજૂઆત કરી છે.

# એપ્રિલના ત્રીજા અઠવાડીયામાં યોજાશે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓઃ આકરા ઉનાળામાં ચુંટણીની ગરમી ઉમેરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતમાં ધોમધખતા તાપ અને ઉનાળા વચ્ચે આગામી દિવસોમાં રાજકીય ગરમી પણ વધશે. રાજયમાં તોળાઈ રહેલી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી માટેનુ શેડયુલ તૈયાર થઈ રહ્યુ છે અને મે માસ માં વેકેશન તથા હિટવેવ ને જોતા તે અગાઉ જ રાજયમાં ૧૫ મહાનગરપાલિકા , ૩૧ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાઓની ચુંટણી યોજવા માટેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. ગાંધીનગરના ટોચના સુત્રોના જણાવ્યા મુજબ રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ એપ્રિલ મહિનાના ત્રીજા સપ્તાહમાં યોજાશે અને આકરો ઉનાળો શરૂ થાય તે અગાઉ મતદાન અને ગણતરી સહિતની તમામ પ્રક્રિયાઓ પુરી કરવા માટે શેડયુલ તૈયાર થઈ રહ્યુ છે. ગાંધીનગર માં થી આધારભુત સુત્રો એ જણાવ્યુ હતુ કે વિધાનસભાનુ વર્તમાન સત્ર તારીખ ૨૫ માર્ચ ના રોજ પુરૂ થવા જઈ રહ્યુ છે. ત્યારબાદ તુરતજ વડાપ્રધાનના કાર્યક્રમ બાદ ચુંટણીની જાહેરાત થઈ શકે છે.

રાજયભરમાં મહાનગર પાલિકાઓ કે જયાં ચુંટણી યોજાવવાની છે ત્યાં વહિવટદારનુ શાસન આવી ગયુ છે અને નગરપાલિકાઓમાં પણ આ વ્યવસ્થા લાગુ થઈ ગઈ છે. થોડા દિવસોમાં જિલ્લા પંચાયતોમાં પણ વહિવટદારનુ શાસન આવી જશે. રાજયમાં અમદાવાદ સહિત ૬ મહાનગરપાલિકોઓ જેમાં રાજકોટ, સુરત, વડોદરા, જામનગર અને ભાવનગર ઉપરાંત ૯ નવી બનેલી મહાનગરપાલિકાઓમાં પણ એક સાથે ચુંટણી યોજાય તેવુ શેડયુલ બની રહ્યુ છે. રાજયમાં પ્રથમ વખત હવે મહાનગરપાલિકાઓમાં પણ ૨૭ ટકા ઓબીસી અનામતનો અમલ થયો છે અને તેથી ચુંટણીના સમીકરણો પણ બદલાયા છે. જયારે સર ની પ્રક્રિયા પણ પુરી થઈ ગઈ છે અને તેથી મતદાર યાદીમાં પણ મોટા સુધારા વધારા થયા છે. આમ આ ચુંટણી રસપ્રદ બની રહેશે તે નિશ્ચિત છે હાલ ભાજપ તમામ મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતોમાં શાસન પર છે અને તે પોતાનો ૧૦૦ ટકાનો સ્ટ્રાઈક રેટ જાળવવા આતુર છે. જયારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ભાજપના ગઢ માં શકય તેટલુ ગાબડુ પાડીને ૨૦૨૭ અગાઉ વિપક્ષને મજબુત બનાવવા મથી રહ્યુ છે.

### ખોટી સહકારી મંડળીઓ પર કડક કાર્યવાહી કરવામાં આવેઃ ગોપાલ ઈટાલિયા

# ટેકાના ભાવની ખરીદીમાં ખેડૂતોને નહીં પરંતુ ભાજપના વચેટિયાઓને ટેકો મળી રહ્યો છેઃ ગોપાલ ઈટાલિયા

અમદાવાદ/જુનાગઢ/ગાંધીનગર




વિધાનસભામાં પ્રશ્નોતરી મામલે મીડિયા વાત કરતા આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે આજે, ૧૨ માર્ચ ૨૦૨૬ના રોજ ગુજરાત વિધાનસભાના સત્રમાં હું જે વાત સરકારના ધ્યાનમાં મૂકવા માગતો હતો, પણ સમયના અભાવે તે વાત હવે જનતાના ધ્યાનમાં મૂકવા માગું છું. જુનાગઢ જિલ્લામાં અને સમગ્ર ગુજરાતમાં ટેકાના ભાવે થતી ખરીદી અંગે ખેડૂતોમાં ભારે અસંતોષ છે. હકીકતમાં ટેકો ખેડૂતોને નહીં પરંતુ ભાજપના વચેટિયાઓને મળી રહ્યો છે, એવો ખેડૂતોનો આક્ષેપ છે. જો ખરેખર ખેડૂતોને ટેકો આપવાનો હોય તો ખેડૂતના ખેતરમાં પાકેલો તમામ પાક ખરીદવો જોઈએ. ખેડૂતના ખેતરમાં જો ૪૦૦-૫૦૦ મણ મગફળી, સોયાબીન કે તુવેરનો પાક થાય તો પણ ટેકાના ભાવે વેચવા માટે તેને માત્ર ૧૦૦ થી ૧૨૫ મણ જેટલો જ માલ વેચવાની તક મળે છે. આ માટે પણ ખેડૂતોને મહિનાઓ સુધી રાહ જોવી પડે છે. ખરીદી કેન્દ્રોમાં માલ વેચવા જતાં ખેડૂતોને દિવસો સુધી લાઈનમાં ઉભા રહેવું પડે છે. લાઈનમાં ઉભા રહ્યા પછી પણ માલ સારો છે કે નહીં તેની તપાસ માટે કેટલાક સ્થળોએ પૈસા આપવાના આરોપો છે. ત્યારબાદ માલ પસંદ થાય તો પણ તેની ચૂકવણી મહિનાઓ સુધી મળતી નથી. આ રીતે ટેકાના ભાવની યોજના ખેડૂતોને સાચો ટેકો આપતી નથી, પરંતુ વચેટિયાઓને લાભ થાય છે તેવી ખેડૂતોમાં લાગણી છે. આ મુદ્દાઓ હું વિધાનસભામાં ઉઠાવવા માગતો હતો, પરંતુ સમયના અભાવે ચર્ચા થઈ શકી નથી. તેથી આ બાબતે મેં નોટિસ આપી છે અને હવે આ મુદ્દો જનતાના ધ્યાનમાં મૂક્યો છે.

વધુમાં ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે સરકારે કાંટાના તારની વાડ બનાવવાની યોજના જાહેર કરી છે. આ યોજનામાં ખેડૂતોને સબસિડી આપવામાં આવશે. પરંતુ તેમાં નિયમ એવો રાખવામાં આવ્યો છે કે ૫, ૧૦ અથવા ૨૦ ખેડૂતોનું ક્લસ્ટર બનાવીને સંયુક્ત અરજી કરવી પડશે, ત્યારબાદ જ બધાને મળીને સબસિડીવાળી કાંટાના તારની વાડનો લાભ મળશે. પરંતુ જંગલ વિસ્તારની આજુબાજુ રહેતા ખેડૂતોને જંગલી પ્રાણીઓનો વિશેષ ત્રાસ રહે છે. તેથી આવા વિસ્તારોમાં આવેલા ખેડૂતોને આ યોજનામાં વધુ સહાય અને વિશેષ લાભ આપવો જોઈએ. ઉદાહરણ તરીકે, ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકામાં જંગલી પ્રાણીઓનો ત્રાસ ઓછો છે, જ્યારે વિસાવદર તાલુકામાં સિંહ, ચીતલ, જરખ, વાંદરા, નીલગાય સહિત અનેક જંગલી પ્રાણીઓના કારણે ખેડૂતોને ભારે નુકસાન થાય છે. આ મુદ્દે મેં ખેડૂતોના પ્રશ્નો સરકારના ધ્યાનમાં લાવવા માટે વિધાનસભામાં નોટિસ આપી હતી, પરંતુ સમયના અભાવે તેની ચર્ચા થઈ શકી નથી.

તેમણે વધુમાં આક્ષેપ કર્યો કે જુનાગઢ જિલ્લામાં તેમજ સમગ્ર ગુજરાતમાં ભાજપ સાથે જોડાયેલા કેટલાક લોકો નકલી સહકારી મંડળીઓ બનાવી સહકારી ક્ષેત્ર ઉપર કબજો જમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. કેટલાક સ્થળોએ ખોટા નામોથી, અહીં સુધી કે મૃત વ્યક્તિઓના નામે પણ સહકારી મંડળીઓ નોંધાવી દેવામાં આવી છે. આવી મંડળીઓ દ્વારા તાલુકા સહકારી સંગ, માર્કેટિંગ યાર્ડ, જિલ્લા સહકારી સંસ્થાઓ તથા દૂધ ઉત્પાદન સંઘ જેવી સંસ્થાઓમાં કબજો મેળવવાનો પ્રયાસ થાય છે. આ ગેરકાયદેસર સહકારી મંડળીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગણી મેં સરકાર સમક્ષ કરી છે. તેમણે કહ્યું કે જુનાગઢ જિલ્લા સહકારી બેંકમાં ચૂંટાયેલા સભ્યોની મુદત પૂર્ણ થઈ ગઈ હોવાની વાત સરકારે વિધાનસભામાં લેખિત જવાબમાં સ્વીકારી છે. નિયમ મુજબ ગ્રામ પંચાયતથી લઈને જિલ્લા પંચાયત, માર્કેટિંગ યાર્ડ, સહકારી બેંક અથવા અન્ય સંસ્થાઓમાં ચૂંટાયેલા સભ્યોની મુદત પૂર્ણ થાય તો વહિવટદાર અથવા પ્રશાસકની નિમણૂંક કરવી જરૂરી છે. છતાં પણ જુનાગઢ જિલ્લા સહકારી બેંકમાં મુદત પૂર્ણ થયા પછી પણ કેટલીક વ્યક્તિઓ પદ પર યથાવત્ છે. આ મુદ્દે પણ મેં સરકારનું ધ્યાન દોર્યું છે.

# ચાલુ મહિનામાં જ સૌરાષ્ટ્રના અનેક જળાશયો થઈ રહ્યા છે ખાલી? કેટલાક જિલ્લાઓમાં પાણીના તળ નીચે આવે તેવી શકયતા

પ્રતિનિધિ,ગાંધીનગર



ઉનાળાની શરૂઆત થતાં જ જળાશયો ખાલી થવા લાગ્યા છે. રાજકોટ સિંચાઈ વિભાગ અંતર્ગત આવતા સૌરાષ્ટ્રના પાંચ જિલ્લામાંથી માત્ર એક જ જિલ્લામાં ૫૦ ટકા થી વધુ પાણી ભરેલુ છે. સૌથી ઓછુ દ્વારકા જિલ્લાના જળાશયોમાં ૨૧.૦૬ ટકા પાણી છે. જામનગર જિલ્લાના જળાશયમાં ૩૪.૮૫ ટકા પાણી છે. આ ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લાના જળાશયોમાં ૩૫.૨૨ ટકા પાણી છે, મોરબી જિલ્લાના થોડા સમયમાં ૪૮.૮૨ ટકા પાણી થશે. ત્યારે રાજકોટ જિલ્લાના જળાશયોમાં ૫૧.૨૩ ટકા પાણી છે. રાજકોટ જિલ્લા સિંચાઈ વિભાગ અંતર્ગત આવતા જળાશયોમાં કરમાડ ડેમમાં ૧૮.૪૩ ટકા પાણી છે. ઈશ્વરીયા ડેમમાં ૯.૩૩ ટકા પાણી છે. કરણુકી ડેમમાં ૧૩.૯૩ ટકા પાણી છે, ગોંડલી ડેમમાં ૧૧.૩૭ ટકા પાણી છે. વાછપરી ડેમમાં ૨૯.૫૮ ટકા પાણી છે. વેરી ડેમમાં ૫૯.૨૬ ટકા પાણી છે. ભાદર ડેમમાં ૪૯.૧૭ ટકા પાણી છે, સુર્વો ડેમમાં ૫૯.૭૧ પાણી છે, મોતીસર ડેમમાં ૩૬.૦૫ ટકા પાણી છે, કબીર સરોવર ડેમમાં ૧૨.૧૭ ટકા પાણી છે, છાપરવાળી બે ડેમમાં ૨૬.૯ ટકા પાણી છે, ફોફળ એક ડેમમાં ૫૬.૭૪ ટકા પાણી છે, ભાદર બે ડેમમાં ૭૪.૪૧ ટકા પાણી છે, સોડવદર ડેમમાં ૩૯.૦૫ ટકા પાણી છે, મોજ ડેમમાં ૪૩.૨૫ ટકા પાણી છે, ન્યારી એક ડેમમાં ૬૫.૧૯ ટકા પાણી છે, ન્યારી બે ડેમમાં ૫૭.૩૯ ટકા પાણી છે, ડોડી ડેમમાં ૫૪.૭૪ ટકા પાણી છે, આજી એક ડેમમાં ૭૯.૧૧ ટકા પાણી છે, લાલપરી ડેમમાં ૮૭.૪૮ પાણી છે, આજી બે ડેમમાં ૯૧.૧૧ ટકા પાણી છે, આજી ત્રણ ડેમમાં ૫૬.૨૮ ટકા પાણી છે, ખોડા પીપર ડેમમાં ૭૦.૬૭ ટકા પાણી છે, જયારે ફાડદંગ બેટી બેટી ડેમમાં ૪૦.૫૬ ટકા પાણી છે,